તા.: ૧૮–૦૧–૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોંધ..

———————————————————————————————————————

કા.સ.ઠ.નં.– ૩૬૬/ તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————

<u>કામ નં.–૧</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાનો સને.૨૦૧૯–૨૦૨૦ નો તા.:૦૧/૦૪/૨૦૧૯ થી તા.: ૩૦/૦૬/૨૦૧૯ સુધીનો ત્રી–માસીક હિસાબ તથા સને. ૨૦૧૯–૨૦૨૦ નો તા.:૦૧/૦૪/૨૦૧૯ થી તા.: ૩૦/૦૯/૨૦૧૯ સુધીનો છ–માસીક હિસાબ તથા તા.: ૦૧/૦૪/૨૦૧૯ થી તા.: ૩૧/૧૨/૨૦૧૯ સુધીનો નવ–માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૧૯–૨૦૨૦ નો તા.:૦૧/૦૪/૨૦૧૯ થી તા.: ૩૦/૦૬/૨૦૧૯ સુધીનો ત્રી–માસીક હિસાબ તથા સને. ૨૦૧૯–૨૦૨૦ નો તા.:૦૧/૦૪/૨૦૧૯ થી તા.: ૩૦/૦૯/૨૦૧૯ સુધીનો છ–માસીક હિસાબ તથા તા.: ૦૧/૦૪/૨૦૧૯ થી તા.: ૩૧/૧૨/૨૦૧૯ સુધીનો નવ–માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

.

કા.સ.ઠ.નં.– ૩૬૭ / તા.:૧૮–૦૧–૨૦૨૦

——————————————————————————————————————————

<u>કામ નં.–૨</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા – વલસાડના નિવૃત ઈજનેરશ્રી પૂનમભાઈ કે. પટેલનું તા.:૦૫–૧૦–૨૦૧૯ નાં રોજ મરણ થયેલ છે. તેમના આખરી પેન્શનની રકમ ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડના નિવૃત ઈજનેરશ્રી પૂનમભાઈ કે. પટેલનું તા.:૦૫–૧૦–૨૦૧૯ નાં રોજ મરણ થયેલ છે. નામદાર ગુજરાત સરકારશ્રીનાં નિયમો મુજબ કર્મચારીનાં અવસાન સમયે અંતિમક્રિયા કરવાનાં કામે પેન્શનરનું છેલ્લું પેન્શનની રકમ તેઓને અવસાન સમય બાદ ચુકવવાપાત્ર થાય છે. તે સદરહુ નિયમોનુસાર તેમના વારસદાર પત્ની કોકીલાબેન પી. પટેલને સદરહુ રકમ ચુકવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૬૮ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

**———————————————————————————————————————**

**<u>કામ નં.–૩</u>**

**<u>વિષય:–</u> નગરપાલિકાના વર્ગ–૪ નાં કર્મચારીઓને સને : ૨૦૧૮–૧૯ નાં વર્ષ માટે એડહોક બોનસ ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડનાં વર્ગ–૪ નાં કાયમી કર્મચારીઓ તથા રોજમદાર કર્મચારીઓ કે જેનાં છેલ્લા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી ઓછામાં ઓછો ૨૪૦ દિવસ કામ કરેલ હોઈ તેવાં છુટક મજુરોને નામદાર ગુજરાત સરકારશ્રીનાં નાણાં વિભાગનાં પત્ર ક્રમાક નં.–બનસ / ૧૦ ૨૦૧૬ / જીઓઓઈ / ૧૦ / ચ તા.: ૨૧–૧૦–૨૦૧૯ થી ઠરાવ્યા મુજબ સને : ૨૦૧૮–૧૯ નાં વર્ષ માટેનું બોનસ ચુકવવાપાત્ર થાય છે. તેવાં સંજોગોમાં ઉપરોકત બોનસ ચુકવવા અંગે જરૂરી નિયમોનુસારની દરખાસ્ત મે. રીજીયોનલ કમિશ્નરશ્રી, સુરતને કરી, મંજુરત મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૬૯ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૪</u>

<u>વિષય:–</u> ના.સરકારશ્રીની **IHSDP** યોજના અંતર્ગત આવાસ વિહોણા **APL / BPL** લાભાર્થીઓને આવાસ ફાળવેલ છે. જે તે લાભાર્થીઓ ધ્વારા આવાસ ભાડે / વેચાણથી આપેલ. જે અંગે નોટીશ બાબતે કાયદેસર કાર્યવાહી હાથ ધરવાની થાય છે. જે અંગે જરૂરી નિતીવિષયક નિર્ણય લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **IHSDP** યોજના અંતર્ગત આવાસ વિહોણા **APL / BPL** લાભાર્થીઓને ના.સરકારશ્રીના નિતી નિયમોને આધીન સોના–સરીતા–અબ્રામા ખાતે **A.B.C.D.** આવાસ બિલ્ડીંગ બનાવી લાભાર્થીઓને આવાસ ફાળવણી કરવામાં આવેલ. વધુમાં, આવાસ ફાળવણી અંગે થયેલ ગેરરીતી અન્વયેની સભ્યશ્રીઓની રજુઆત અંગે સદરહું આવાસોનું રૂબરૂ સ્થળ તપાસ કરી જે તે લાભાર્થીઓ ધ્વારા આવાસ ભાડે / વેચાણથી આપેલ. બંધ આવાસ, તથા આવાસ પેટે લાભાર્થી ધ્વારા ડીપોઝીટ અંગે ન.પા. ધ્વારા જેતે લાભાર્થીઓને ઉપરોકત બાબતે તાકીદ કરી જરૂરી ખુલાસા રજુ કરવા અંગેની મુદતી નોટીશ / છેવટની નોટીશ પાઠવવામાં આવેલ જેમાં સદરહુ નોટીશ બાબતના ખુલાસા અંગે લાભાર્થી ધ્વારા આજદીન સુધી ખુલાસો રજુ કરવામાં આવેલ નથી. ફકત ચારથી પાંચ લાભાર્થી ધ્વારા નોટીશ અંગેના ખુલાસા રજુ થયેલ છે. આમ નગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ નોટીશ અવગણના તથા જેતે લાભાર્થી ધ્વારા રજુ થયેલ ખુલાસો વ્યાજબી જણાયેલ નથી. જેથી સદરહુ બાબત વિદિત થતાં આવાસ લાભાર્થીને ફાળવેલ નોટીશ બાબતે કાયદેસર કાર્યવાહી હાથ ધરવાની થાય છે. જે અંગે જરૂરી નિતી વિષયક નિર્ણય કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૦ / તા.:૧૮ –૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૫</u>

<u>વિષય:–</u>ડ્રેનેજ શાખાને સ્વનિર્ભર બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા શહેરી વિસ્તારમાં ડ્રેનેજ શાખા ધ્વારા ગટર સફાઈની કામગીરી કરવામાં આવે છે. સદરહું કામગીરી માટે નગરપાલિકા ધ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. ડ્રેનેજ શાખા ધ્વારા થયેલ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ આવક અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | આવક | ખર્ચ | તફાવત |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૭૦૬૩૧૪૭ | ૧૨૬૫૧૮૯૭ | ૫૫૮૮૭૫૦ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૭૧૮૩૫૯૨ | ૧૨૯૪૬૮૭૪ | ૫૭૬૩૨૮૨ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૬૪૯૯૧૩૧ | ૧૧૧૨૩૮૮૧ | ૪૬૨૪૭૫૦ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૭૦૧૧૧૭૩ | ૧૫૬૩૪૪૫૬ | ૮૬૨૩૨૮૩ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૭૩૫૯૧૯૦ | ૧૨૪૫૩૯૦૧ | ૫૦૯૪૭૧૧ |

નગરપાલિકા ધ્વારા છેલ્લે સને : ૨૦૧૭–૧૮ ના વર્ષમાં આ દરોમાં ૧૦%નો વધારો કરવામાં આવેલ હતો. ડ્રેનેજ શાખા ધ્વારા શહેરમાં વારંવાર ગટર ઓવરફલો થતી હોવાથી જેટીન મશીન બહારથી લાવી ગટર સફાઈ કામગીરી કરાવવાનો ખર્ચ ઘણોજ વધારે છે. ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લાઈટબીલ ઘણા જ મોટા પ્રમાણમાં આવે છે. એ અંગે નાણાંકીય સ્વનિર્ભરથવું અત્યંત જરૂરી છે. વધુમાં વલસાડ શહેરી વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી કનેકશનની સંખ્યા ઘણીજ ઓછી છે. તેવાં સંજોગોમાં શહેરીજનો ધ્વારા જો ગેરકાયદેસર કનેકશન લેવામાં આવેલ હોય તો તેવી મિલકતોને નોટીશ મોકલી કાયદેસર રીતે કનેકશનના ચાર્જીસ અને પેનલ્ટી લેવા અંગે નિર્ણય કરવામાં આવે તથા ખર્ચ સામે આવકમાં વધારો કરી શકાય છે, તો આ ભારણ ઓછું થવા સંભવ છે. આ હેતુસર એક ટીમ બનાવી સર્વે કરાવવા તથા હાલના ગટર વેરાના દરોમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા વિનંતી છે. હાલે ગટર કનેકશન ચાર્જ રહેણાંક અને કોર્મશિયલ હેતુ માટે રૂા. ૫૦૦.૦૦ જ લેવામાં આવે છે જે અત્યંત ઓછા હોય, સદરહુ ચાર્જ વધારી રહેણાંક વિસ્તાર માટે રૂા.૫,૦૦૦.૦૦ અને કોર્મશિયલ હેતુ માટે રૂા.૧૦,૦૦૦.૦૦ જેટલો કરવા આવશ્યક છે. હાલમાં મોગરાવાડી અને અબ્રામા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના કામો કરેલ તેનો ખર્ચ રૂા. ૫૩.૦૦ કરોડ થવા પામેલ છે. આ દરો વધારવાથી નગરપાલિકાએ કરેલ ખર્ચને સરભર કરવા માટે આ વધારો કરવો જરૂરીયાત છે. વધુમાં આ અંગે વારંવાર ઓડીટ પેરા પણ આપવામાં આવેલ છે. કે ડ્રેનેજ વિભાગના દરોમાં વધારો કરી સ્વનિર્ભર બનાવવું જોઈએ. જે અંગેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણા કરતાં હાલે જે ગટરવેરાના દરો ચાલે છે. જેમાં દર વર્ષે ૧૦% નો વધારો કરવા અંગેની જરૂરી દરખાસ્ત તૈયાર કરી, મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, સુરતની મંજુરત મેળવવા જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૧ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

કામ નં.–૬

વિષયઃ– વારીગૃહ શાખાને સ્વનિર્ભર બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા શહેરી વિસ્તારમાં વોટર કનેકશન ધ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. સદરહું કામગીરી માટે નગરપાલિકા ધ્વારા અબ્રામા ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. હાલે અમૃત યોજનામાંથી વધુ એક ૧૬.૫ એમ.એલ.ડી. નો પ્લાન્ટ બનાવવા અંગેની કામગીરી ચાલુ છે. સદરહું પાણી પુરવઠો પુરો પાડવા અંગેની કામગીરી અંગે છેલ્લા પાંચ વર્ષમાં થયેલ આવક અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | આવક | ખર્ચ | તફાવત |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૧૭૭૭૯૨૦૯ | ૨૫૦૯૩૮૧૫ | ૭૩૧૪૬૦૬ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૨૦૪૭૦૯૦૧ | ૧૧૭૯૮૩૯૫૦ | ૯૭૫૧૩૦૪૯ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૧૮૮૭૧૨૨૮ | ૫૮૯૩૭૬૫૯ | ૪૦૦૬૬૪૩૧ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૨૧૦૩૭૭૮૭ | ૪૦૬૧૦૩૨૩ | ૧૯૫૭૨૫૩૬ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૨૧૬૯૧૧૩૧ | ૪૭૫૯૮૭૦૨ | ૫૨૯૦૭૫૭૧ |

નગરપાલિકા ધ્વારા છેલ્લે સને : ૨૦૧૭–૧૮ ના વર્ષમાં આ દરોમાં ૧૦%નો વધારો કરવામાં આવેલ હતો. આ કામગીરી માટે નહેર વિભાગમાંથી લેવામાં આવતું પાણીનો દર તથા લાઈટબીલ ઘણા જ મોટા પ્રમાણમાં આવે છે. એ અંગે નાણાંકીય સ્વનિર્ભર થવું અત્યંત જરૂરી છે. વધુમાં વલસાડ શહેરી વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી કનેકશનની સંખ્યા ઘણીજ ઓછી છે. તેવાં સંજોગોમાં શહેરીજનો ધ્વારા જો ગેરકાયદેસર કનેકશન લેવામાં આવેલ હોય તેમને કાયદેસર રીતે તેનું સર્વે કરાવવાથી આ ભારણ ઓછું થવા સંભવ છે. તો આ અંગે એક ટીમ બનાવી સર્વે કરાવવા તથા હાલના પાણીના દરોમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા વિનંતી છે. વધુમાં આ અંગે વારંવાર ઓડીટ પેરા પણ આપવામાં આવેલ છે કે વારિગૃહ વિભાગના દરોમાં વધારો કરી સ્વનિર્ભર બનાવવું જોઈએ. જે અંગેના આવેલ કામે કમીટીમાં ચર્ચા વિચારણા કરતાં હાલે જે પાણીના દરો ચાલે છે. જેમાં દર વર્ષે ૧૦% નો વધારો કરવા અંગેની જરૂરી દરખાસ્ત તૈયાર કરી, મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી,નગરપાલિકાઓ, સુરતની મંજુરત મેળવવા જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૨ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૭</u>

<u>વિષય:–</u> શાકભાજી લારી ગલ્લા ફીની આવકમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા ધ્વારા શહેરી હદ વિસ્તારમાં રોડ ઉપર રાખવામાં આવતાં લારી / ગલ્લા તથા પાથરણાવાળાઓ પાસેથી કારોબારી ઠરાવ નં.– ૭૭૫ / તા.: ૩૧–૦૮–૨૦૦૪ તથા જનરલ બોર્ડ ઠરાવ નં. – ૧૪૮ / તા.: ૨૯–૧૦–૨૦૦૫ થી વસુલ કરવામાં આવે છે. તે મુજબ છેલ્લા પાંચ વર્ષની આવક નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | આવક |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૨૩૬૩૦૮૦ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૨૬૮૬૮૦૫ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૨૯૫૨૫૧૦ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૩૨૫૨૬૬૦ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૩૩૮૭૫૮૪ |

આ કામગીરીમાં નગરપાલિકાના ૬ કર્મચારીઓ પોતાની ફરજ નિભાવી આ કલેકશન કરતાં આવેલ છે. સદરહુ કામે વધારો છેલ્લો ૨૦૦૪માં કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે અને તે મુજબ જ પૈસા વસુલ કરવામાં આવે છે. હાલે નગરપાલિકાની નાણાંકીય સ્થિતિ મુજબ તથા નવાં **GST** એકટ લાગુ પડવાથી નગરપાલિકા ધ્વારા આ કામે **GST** પણ ભરપાઈ કરવાપાત્ર થાય છે. તેવાં સંજોગોમાં સદરહું ફીમાં વધારો કરવો અત્યંત આવશ્યક છે. અન્યથા આ અંગેની વેલ્યૂ નકકી કરી જાહેર હરાજી પધ્ધતિથી ઈજારો આપવા અંગે પણ વિચારણા કરવાપાત્ર થાયછે. ઈજારો આપવાથી નગરપાલિકાના કામ કરતાં કર્મચારીઓને નગરપાલિકાની અન્ય કામગીરીમાં મૂકી શકાય છે. તેવાં સંજોગોમાં શાકભાજી લારી ગલ્લાવાળા પાસે લેવાતા દરમાં વધારો કરવા અથવા ઈજારા પધ્ધતિથી ચલાવવા આપવા અંગેના આવેલ કામે, આઉટ સોર્સીંગથી નીતી નકકી કરી, અપસેટ કિંમત નકકી કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા, મે.ચીફઓફીસરશ્રી, મે.ચેરમેનશ્રી–કારોબારી સમીતી, મે.પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>હાલમાં લેવાતાં દરો :–</u>

(૧) નવી શાકભાજી માર્કેટ અંદરના ભાગે રૂા.૫.૦૦

(૨) નવી શાકભાજી માર્કેટ ફેન્સીંગની અંદર ( સીંગ–ચણાવાળા, શાકભાજી, નાસ્તા વિગેરે રૂા.૧૦.૦૦)

(૩) નવી શાકભાજી માર્કેટ ફેન્સીંગની બહારના ભાગે(ફ્રુટવાળા,શાકભાજીવાળા,કટલરી,રેડીમેઈડ) રૂા.૧૫.૦૦

(૪) ખાણીપીણીની લારીઓ ખાધપદાર્થ, ખુરશી, ટેબલવાળા વિગેરે રૂા.૩૦.૦૦

(૫) આઈસ્ક્રીમ ટેમ્પો થ્રી વ્હીલર રૂા.૧૦૦.૦૦

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૭૩ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૮</u>

<u>વિષય:–</u>

વલસાડ નગરપાલિકા ધ્વારા વિવિધ કામો / યોજનાઓ અંતર્ગત વિવિધ બેંકમાં બેંક એકાઉન્ટ ખોલવામાં આવેલ છે. સદરહુ યોજના / કામો પૂર્ણ થયેલ હોઈ, યોજનાઓ પૂરી થઈ ગયેલ હોય સદરહુ તમામ ખાતાઓમાં લેવડ–દેવડ ઘણા લાંબા સમયથી કરવામાં આવતી ન હોય, ઉપયોગમાં ન આવતા બેંક એકાઉન્ટ બંધ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા ધ્વારા વિવિધ કામો / યોજનાઓ અંતર્ગત વિવિધ બેંકમાં બેંક એકાઉન્ટ ખોલવામાં આવેલ છે. સદરહુ યોજના / કામો પૂર્ણ થયેલ હોઈ, યોજનાઓ પૂરી થઈ ગયેલ હોય સદરહુ તમામ નીચે જણાવેલ ખાતાઓમાં લેવડ–દેવડ ઘણા લાંબા સમયથી કરવામાં આવતી નથી. જેમાં માત્ર વ્યાજ આવે છે. તેવા સંજોગોમાં સદરહુ એકાઉન્ટસ ઓફિસરના રીપોર્ટમાં નીચે જણાવેલ અ.નં.૧ થી ૧૬ સુધીના તમામ ખાતાઓ બંધ કરી તેમાં જમા પડેલ રકમ નગરપાલિકા સ્વ–ભંડોળમાં જમા લેવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | ખાતા નં. | બેંક નામ. | ગ્રાંટ વિગત | જમા રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | 1290672154 | C.B.I | U.I.D.S.S.M.T | 61882.03 |
| ૨ | 1290669390 | C.B.I | ગુજરાત અર્બન ઈન્ફ્રા.પ્રા. | 4803.80 |
| ૩ | 1290746Z75 | C.B.I | ગુજરાત અર્બન ઈન્ફ્રા.પ્રા. | 18214.11 |
| ૪ | 003710006865 | DENA | ૧૦ મુ નાણાપંચ | 540162.31 |
| ૫ | 003710000098 | DENA | સ્વ–ભંડોળ | 96700.63 |
| ૬ | 003710000018 | DENA | સ્વ–ભંડોળ | 54541.16 |
| ૭ | 08780100004572 | BOB | S.J.S.R.Y | 17019.48 |
| ૮ | 08780100003432 | BOB | S.J.S.R.Y | 1605.65 |
| ૯ | 409104000005081 | IDBI | ૧૦ મુ નાણાપંચ | 30689.75 |
| ૧૦ | 50100090646764 | HDFC | UDP-78(2014-15) | 15699.79 |
| ૧૧ | 50100169754442 | HDFC | UDP-88(2016-17) | 19936 |
| ૧૨ | 006801017295 | ICICI | UDP-88(2016-17) | 38193 |
| ૧૩ | 73331011001063 | IVJAYA | જનભાગીદારી | 11354.10 |
| ૧૪ | 006801017295 | ICICI | જનભાગીદારી | 2469422 |
| ૧૫ | 02111450000308 | HDFC | મોડેલ ટાઉન | 466028.18 |
| ૧૬ | SB 973 | DENA | હોસ્પિટલ બિલ્ડીંગ ફંડ | 84607.05 |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૪ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

**કામ નં.–૯**

**વિષયઃ–** **અંબાજી નગર–૧, પોલીસ હેડકવાર્ટર રોડ સામે, અબ્રામા, વિસ્તારમાં ૨૫૨(બસો બાવન) મીટર લંબાઈની ૧૨ " ડાયાની લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૨૭,૦૬૦/– મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,હાલે ના.સરકારશ્રી તરફથી " અમૃત " યોજના અંતર્ગત વરસાદી પાણીના નિકાલ માટે અબ્રામા ખાતે દર્પણ સોસાયટી સામેના ભાગે ૧૨૦૦ એમ.એમ. ડાયાની આર.સી.સી. મેઈન પાઈપ લાઈન નાખવામાં આવેલ છે. સદર લાઈનના રૂટમાં આવતા વિસ્તારમાં ગલીઓમાં બ્રાન્ચ લાઈન નાખવાની થાય છે જેથી સદર વિસ્તારનું વરસાદી પાણીનો નિકાલ થઈ રહે.તે માટે નીચે જણાવ્યા મુજબની લાઈન નાખવાની જરૂરીયાત છે.સદર કામમાં જરૂરી પાઈપ ત્યાંના રહીશો પોતાના ખર્ચે લાવવાની તૈયારી બતાવેલ છે અને નગરપાલિકાએ ફકત લેબર કામ કરી આપવાનું થાય છે.**

| ક્રમ | વિગત | લંબાઈ (મીટર) | ચેમ્બર (નંગ) |
|---|---|---|---|
| ૧ | નવીનભાઈ ગલી, અંબાજીનગર –૧ | ૧૫૨ | ૦૫ |
| ૨ | ગીરીશભાઈ ગલી, અંબાજીનગર –૧ | ૧૦૦ | ૦૫ |
| | કુલ.. | ૨૫૨ | ૧૦ |

**ઉપરોકત હકીકત વિદીત થતાં " અંબાજીનગર–૧, પોલીસ હેડ કવાર્ટર રોડ સામે, અબ્રામા" કુલ–૨૫૨( બસો બાવન ) મીટર લંબાઈની લાઈન નાખવાનો લેબરકામ માટે સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૨૭,૦૬૦/– ( ત્રણ લાખ સત્તાવીસ હજાર સાંઠ )પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૭૫ / તા.:૧૮–૦૧–૨૦૨૦
———————————————————————————————————————

<u>કામ નં.–૧૦</u>

<u>વિષય:–</u> અંબાજી નગર–૨, પોલીસ હેડકવાર્ટર રોડ સામે, અબ્રામા, વિસ્તારમાં ૩૩૪(ત્રણસો ચોત્રીસ) મીટર લંબાઈની ૧૨ " ડાયાની લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૯૯,૨૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,,હાલે ના.સરકારશ્રી તરફથી " અમૃત " યોજના અંતર્ગત વરસાદી પાણીના નિકાલ માટે અબ્રામા ખાતે દર્પણ સોસાયટી સામેના ભાગે ૧૨૦૦ એમ.એમ. ડાયાની આર.સી.સી. મેઈન પાઈપ લાઈન નાખવામાં આવેલ છે. સદર લાઈનના રૂટમાં આવતા વિસ્તારમાં ગલીઓમાં બ્રાન્ચ લાઈન નાખવાની થાય છે જેથી સદર વિસ્તારનું વરસાદી પાણીનો નિકાલ થઈ રહે.તે માટે નીચે જણાવ્યા મુજબની લાઈન નાખવાની જરૂરીયાત છે.સદર કામમાં જરૂરી પાઈપ ત્યાંના રહીશો પોતાના ખર્ચે લાવવાની તૈયારી બતાવેલ છે અને નગરપાલિકાએ ફકત લેબર કામ કરી આપવાનું થાય છે.

| ક્રમ | વિગત | લંબાઈ (મીટર) | ચેમ્બર (નંગ) |
|---|---|---|---|
| ૧ | શંકરભાઈ ગલી, અંબાજીનગર –૨ | ૧૧૨ | ૦૪ |
| ૨ | બાલુભાઈ ગલી, અંબાજીનગર –૨ | ૧૧૨ | ૦૩ |
| ૩ | સવિતાબેન, અંબાજીનગર – ૨ | ૧૧૦ | ૦૩ |
| | કુલ.. | ૩૩૪ | ૧૦ |

ઉપરોકત હકીકત વિદીત થતાં " અંબાજીનગર–૨, પોલીસ હેડ કવાર્ટર રોડ સામે, અબ્રામા" કુલ–૩૩૪ ( ત્રણસો ચોત્રીસ ) મીટર લંબાઈની લાઈન નાખવાનો લેબરકામ માટે સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૯૯,૨૦૦/– ( ત્રણ લાખ નવ્વાણુ હજાર બસો )પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૬ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૧૧</u>

<u>વિષય:–</u> રામનગર ( વાલીયા ફળીયા ) અબ્રામા વિસ્તારમાં ૨૦૫ ( બસો પાંચ) મી. લંબાઈની ૧૨" ડાયાની નવી લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૮૬,૯૩૫ /– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા– મોગરાવાડી વિસ્તારમાં ડ્રેનેજ લાઈનની સુવિધા આપવા માટે ના.સરકારશ્રી તરફથી અંડર ડ્રેનેજ લાઈનનો પ્રોજેકટ ચલાવવામાં આવે છે. સદર લોવરીંગ અને લેવીંગની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ છે જેમાં જે તે સમયે નાની ગલીઓમાં ડ્રેનેજ લાઈન નાખવાની બાકી રહી ગયેલ છે. હાલે બાકી કોમ્પોનેન્ટ જેવા કે હાઉસ ચેમબ્શ્ર, પંપીગ સ્ટેશન, રાઈઝીંગ લાઈન વિગેરેનું કામગીરી પ્રગતિમાં છે. સદર બાકી રહી જતી ગલીઓને મેઈનલાઈન સાથે કનેકટ કરવા જરૂરી લાઈન નાખી મેઈન લાઈન સાથે જોડાણ કરી શકાય એમ છે.

ઉપરોકત હકીકત વિદીત થતાં " રામનગર ( વાલીયા ફળીયા ), અબ્રામા" કુલ–૨૦૫ ( બસો પાંચ ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૮૬,૯૩૫/– ( ત્રણ લાખ છયાંસી હજાર પાત્રીસ )પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૭૭ / તા.: ૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————————————

<u>કામ નં.–૧૨</u>

<u>વિષયઃ–</u> આગણવાડી રોડ હનુમાન ફળીયા, મોગરાવાડી વિસ્તારમાં ૧૬૨ ( એકસો બાસઠ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૭૬,૩૧૦ /– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરીજનોને ડ્રેનેજ લાઈનની સુવિધા આપવામાં આવે છે. જેના ભાગરૂપે અબ્રામા– મોગરાવાડી વિસ્તારમાં હાલે ડ્રેનેજ નેટવર્ક પ્રોજેકટ પ્રગતીમાં છે. હાલે હનુમાન ફળીયા વિસ્તાર વિગેરેમાં અવારનવાર ગંદા પાણી રસ્તા પર ખુલ્લા નીકળવાની ફરીયાદ રહે છે. સદર સમસ્યાના ભાગરૂપે ઓવરફલો લાઈન નાખવામાં આવે તો સદર વિસ્તારને રાહત મળે એમ છે.

ઉપરોકત હકીકત વિદીત થતાં " આંગનવાડી રોડ, હનુમાન ફળીયા, મોગરાવાડી, કુલ–૧૬૨ ( એકસો બાસઠ ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૩,૭૬,૩૧૦/– ( ત્રણ લાખ છોતેર હજાર ત્રણસો દશ )પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

**કા.સ.ઠ.નં.–૩૭૮/ તા.:૧૮–૦૧–૨૦૨૦**

---

**<u>કામ નં.–૧૩</u>**

**<u>વિષયઃ–</u> બાયપાસ ગીતા સદન પાસે + ભગત મહોલ્લો ( જાહેર શૌચાલય ) વિસ્તારમાં ૧૩૦ ( એકસો ત્રીસ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૨,૭૦,૧૪૦ /– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરીજનોને ડ્રેનેજ લાઈનની સુવિધા આપવામાં આવે છે. જેના ભાગરૂપે જરૂરી સફાઈની કામગીરી કરવામાં આવે છે. જેમાં અમુક સમયે લાઈન ડેમેજ હોઈ તો અમુક પોરશન પુરતુ ઓવર ફલો લાઈન નાખી સમસ્યાનું નીવારણ લાવવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારમાં ઈમરજન્સીના ભાગરૂપે લાઈન નાખી સમસ્યાનું નીવારણ લાવવા સુચના આપવામાં આવેલ છે.**

| ક્રમ | વિગત | લંબાઈ ( મીટર ) | ચેમ્બર ( નંગ) |
|---|---|---|---|
| ૧ | ગીતાસદન વિસ્તાર, લોટસ હોસ્પીટલ સામે. | ૭૦ | ૦૪ |
| ૨ | ભગત મહોલ્લો, જાહેર શૌચાલય પાસે. | ૬૦ | ૦૩ |
| | કુલ.. | ૧૩૦ | ૦૭ |

**ઉપરોકત હકીકતોથી વિદીત થતાં " બાયપાસ ગીતા સદન પાસે + ભગત મહોલ્લો ( જાહેર શૌચાલય ),વલસાડ" કુલ–૧૩૦ ( એકસો ત્રીસ ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૨,૭૦,૧૪૦/– ( બે લાખ સીતેર હજાર એકસો ચાલીસ )પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર.**

કા.સ.ઠ.નં.–૩૭૯ / તા.:૧૮ –૦૧–૨૦૨૦

---

**કામ નં.–૧૪**

**વિષય:–** **ઓવર ફલો લાઈન, વિવિધ વિસ્તારમાં ૧૧૦ ( એકસો દશ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૨,૧૯,૫૧૫ /– મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:–**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ ડ્રેનેજ લાઈનની સુવિધા આપવામાં આવે છે.જેમાં અવારનવાર મેન્ટેનન્સના ભાગરૂપે જરૂરી સફાઈની કામગીરી કરવામાં આવે છે. જેમાં અમુક સમયે લાઈન ડેમેજ હોઈ તો અમુક પોરશન પુરતુ ઓવર ફલો લાઈન નાખી સમસ્યાનું નીવારણ લાવવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારમાં ઈમરજન્સીના ભાગરૂપે લાઈન નાખી સમસ્યાનું નીવારણ લાવવા સુચના આપવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | લંબાઈ ( મીટર ) | ચેમ્બર ( નંગ) |
|---|---|---|---|
| ૧ | તરીયાવાડ ગેરેજ પાસે | ૧૭ | ૦ |
| ૨ | ધોબીવાડ, વી.પી.રોડ | ૩૮ | ૧ |
| ૩ | દીવ્યેશ એપાર્ટમેન્ટ, તીથલ રોડ | ૧૪ | ૨ |
| ૪ | સીધ્ધશીલા સામે, સાઈબર કેફે | ૧૨ | ૦ |
| ૫ | અલકા ફરસાણ ગેરેજ પાસે | ૬ | ૦ |
| ૬ | વલસાડ પારડી, વશી ફળીયું. | ૧૨ | ૦ |
| ૭ | વલસાડ પારડી, રામલાલા મંદીર વાડી | ૧૧ | ૧ |
| | કુલ.. | ૧૧૦ | ૦૪ |

ઉપરોકત હકીકતોથી વિદીત થતાં " ઓવર ફલો લાઈન, વિવિધ વિસ્તારમા" વલસાડ " કુલ–૧૧૦ ( એકસો દશ ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૨,૧૯,૫૧૫/– ( બે લાખ,ઓગણીસ હજાર પાંચસો પંદર)પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૦ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૧૫</u>

<u>વિષયઃ–</u> મોનીકા આઈસ્ક્રીમના સામે તીથલ રોડ વિસ્તારમાં ૮૦ ( એસી ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવા સને ૨૦૧૭–૧૮ વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૧,૬૨,૨૨૦ /– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, હાલે માર્ગ મકાન વિભાગ તરફથી તીથલ રોડને વાયડનીગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં મોનીકા આઈસ્ક્રીમના સામેના ભાગે બોક્ષ ડ્રેનની કામગીરી કરવાની થાય છે. જેમાં નગરપાલિકાની ડ્રેનેજ લાઈન પસાર થાય છે જેને શીફટ કરવાની થાય છે. જેથી રોડ વાયડનીંગનું કામગીરી કરી શકાય.

ઉપરોકત હકીકતોથી વિદીત થતાં " મોનીકા આઈસ્ક્રીમના સામે, તીથલ રોડ, વલસાડ " માટે કુલ –૮૦ ( એંસી ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન સને ૨૦૧૭–૧૮ના મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.૧,૬૨,૨૨૦/– (એક લાખ,બાસેઠ હજાર બસો વીસ )પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૧ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————

<u>કામ નં.–૧૬</u>

<u>વિષય:–</u> પારડી સાંઢપોર ગ્રામ પંચાયત હસ્તકના, રંગ ફેકટરી, જયના શાળા– કૈલાસ રોડ – એંકર ગલી – ગુજરાતી શાળા – મોગરાવાડી સુધી અંદાજે ૧૩૫૦ ( એકહજાર ત્રણસો પચાસ ) રનીંગ મીટર નગરપાલિકા હસ્તકે લેવા જરૂરી દરખાસ્ત કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું  કે, વલસાડ નગરપાલિકા ધ્વારા  હાલે પારડી–સાંઢપોર ખાતે ઔરંગા નદી કીનારે ડોમેસ્ટીક વેસ્ટ વોટરના શુઘ્ધીકરણ માટે સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ **( STP )**નો પ્રોજેકટ ચાલે છે. જે ટુંક સમયમાં ચાલુ થનાર છે. સદર **STP** પર શહેરનું સીવરેજ વોટર પાઈપ લાઈન ધ્વ્)શ્ર) પંપીગ કરી લાવવામાં આવશે તેમજ સદર સીવરેજ વોટરને  ટ્રીટ કરી પાઈપલાઈન ધ્વારા પંપીગ કરી ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ માટે સપ્લાય કરવામાં આવશે. સદર પાઈપ લાઈનો ઉપરોકત વિષયમાં જણાવ્યા મુજબ રૂટ પરથી આવનારા સમયમાં લઈ જવામાં આવશે. તેમજ રેલ્વેટ્રેકના પશ્ચિમથી પૂર્વમાં કૈલાસ રોડ ખાતે ઓવરબ્રીજનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદર તમામ પ્રોજેકટો નામદાર રાજય સરકાર ધ્વારા  કરવામાં આવનાર છે. જે નજીકના સમયમાં હકીકતમાં લાવવામાં આવશે. તેમજ સદર રસ્તા પરથી નગરપાલિકાના સેનેટરી ડીપાર્ટમેન્ટના ટ્રેકટરો રોજેરોજ કચરો ઠાલવવા જાય છે.

ઉપરોકત હકીકત  વિદિત થતા જણાવવાનું કે, પારડી –સાંઢપોર ગ્રામ પંચાયત હસ્તકનો રસ્તાનો ઉપયોગ કરવાનો થાય છે. જેથી વહીવટી અને એકઝીકયુશન સરળતાથી થાય જે માટે સદર ગ્રામપંચાયત હસ્તકનો રસ્તો નગરપાલિકા હસ્તકે  લેવા દરખાસ્ત કરવાની થાય છે. જેથી સદર રોડ પર જરૂરી પ્રોજેકટ વર્ક  મરામત નગરપાલિકા પોતાની સાનુકુળતાએ કરી શકે. સદરહું ઉપરોકત આવેલ કામે  જરૂરી  દરખાસ્ત કરવાનું મંજુર કરવા  જનરલ બોર્ડને ભલામણ કરવાનું  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૨ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————

<u>કામ નં.–૧૭</u>

<u>વિષયઃ–</u> દૈનિક પેપરોમાં નગરપાલિકાની સ્વચ્છતા સર્વેક્ષણ તથા ઓનલાઈન ફરિયાદ તેમજ પ્લાસ્ટીક મુકત–વલસાડ અંગે જનજાગૃતિ અભિયાનના આવેલ બીલો બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકાની સ્વચ્છતા સર્વેક્ષણ તથા ઓનલાઈન ફરિયાદ તેમજ પ્લાસ્ટિક મુકત– વલસાડ અંગે જન જાગૃતિ અભિયાન માટે દૈનિક પેપરોમાં જાહેરાત પ્રસિઘ્ધ કરવા બાબતે ગત વર્ષે જ.બો.ઠ.નં. – ૬૪૩ / તા.: ૩૦/૧૦/૨૦૧૮ થી સ્વચ્છતા અને નગરપાલિકાની સેવાઓ સાથે સાંકડી લઈ એવો ઉમદા હેતુ દાખવી જાહેર જનતાને મદદરૂપ થવાની અપીલના ભાગરૂપે સ્થાનિક શહેરીજનોને સંદેશો પાઠવવા સબંધે દૈનિક પેપરોમાં બહોળી પ્રસિઘ્ધી કરવા સ્થાનિક મુખ્ય દૈનિક પેપરો, સ્થાનિક મુખ્ય સાપ્તાહિક પેપરો તથા અન્ય સ્થાનિક ચેનલો / પ્રાક્ષિકો / સાપ્તાહિકો પેપરોમાં જાહેરાત પ્રસિઘ્ધ કરવામાં આવેલ હતી. સદર દૈનિક પેપરોમાં પ્રસિઘ્ધ થયેલ જાહેરાત પ્રસિઘ્ધ કરવામાં આવેલ હતી. સદર દૈનિક પેપરોમાં પ્રસિઘ્ધ થયેલ જાહેરાતના જુદી જુદી એજન્સીઓના આવેલ બીલો અંગે કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે, મુખ્ય દૈનિક પેપર જેવાં કે, ગુજરાત સમાચાર, ગુજરાતમિત્ર,સંદેશ, દિવ્ય ભાસ્કર વિગેરેને રૂા.૧૦,૦૦૦/–, સ્થાનિક સાપ્તાહિક–પ્રાક્ષિક વિ.ને રૂા. ૫૦૦૦/– તેમજ અન્ય દૈનિક પેપર – સામાયિક – ચેનલ વિ.ને રૂા.૩૦૦૦/– ની મર્યાદામાં ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૩ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૧૮</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાની જવાહર શોપીંગ સેન્ટર દુકાન નંબર.: પ્રથમ માળ –૦૪, શ્રી જમીલાખાન સલાઉદ્દીનખાનના નામેથી કમી કરી, શ્રી નફીસ હનીફ શેખના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ જવાહર શોપીંગ સેન્ટર દુકાન નં.: પ્રથમ માળ –૦૪, શ્રી જમીલાખાન સલાઉદ્દીનખાનના નામેથી કમી કરી, શ્રી નફીસ હનીફ શેખનાં નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૭૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૫૯૪– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.:૭૫– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૯૯– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૪ / તા.:૧૮ –૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૧૯</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાની ડિસ્પેન્સરી ભાગ–૦૧, શોપીંગ સેન્ટર દુકાન નંબર.:–૦૬, શ્રી મુનાફ ગુલામનબી કન્યાતના નામેથી કમી કરી, શ્રી સીમાબેન ઈશ્વરભાઈ જેસ્વાલના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડિસ્પેન્સરી ભાગ–૦૧, શોપીંગ સેન્ટર દુકાન નંબર.:–૦૬, શ્રી મુનાફ ગુલામનબી કન્યાતના નામેથી કમી કરી, શ્રી સીમાબેન ઈશ્વરભાઈ જેસ્વાલના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૨૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૧૫૮૦– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.: ૨૧૦– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૨૬૩– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૫ / તા.:૧૮–૦૧–૨૦૨૦

–––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૨૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની ડૉ.આંબેડકર શોપીંગ સેન્ટર દુકાન નંબર.ઃ–ઈ–૧૭, શ્રી શેખ ગુલામ દસ્તગીર અબ્દુલ કરીમના નામેથી કમી કરી, શ્રી વિનોદકુમાર ગીરધારીલાલ ટીકમાણીના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડૉ.આંબેડકર શોપીંગ સેન્ટર દુકાન નંબર.ઃ–ઈ–૧૭, શ્રી શેખ ગુલામ દસ્તગીર અબ્દુલ કરીમના નામેથી કમી કરી, શ્રી વિનોદકુમાર ગીરધારીલાલ ટીકમાણીના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.ઃ</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.ઃ ૭૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.ઃ ૫૦૭૦– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.ઃ ૬૭૬– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.ઃ૮૪૫– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.ઃ ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૬ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૨૧</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની ડૉ.આંબેડકર શોપીંગ સેન્ટર દુકાન નંબર.:– બી–૦૫, શ્રી સુભાષ મિશરીલાલ ચોરસીયાના નામેથી કમી કરી, શ્રી સંજયકુમાર મિશરીલાલ ચોરસીયાના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડૉ.આંબેડકર શોપીંગ સેન્ટર દુકાન નંબર.:– બી–૦૫, શ્રી સુભાષ મિશરીલાલ ચોરસીયાના નામેથી કમી કરી, શ્રી સંજયકુમાર મિશરીલાલ ચોરસીયાના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૭૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૪૬૨૦– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.: ૬૧૫– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૭૬૯– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૭ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૨૨</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની મોરારજી દેસાઈ (બહાર )શોપીંગ સેન્ટર દુકાન નંબર.:૪૮, શ્રી ગીતાબેન જયંતીલાલ ભાનુશાલીના નામેથી કમી કરી, શ્રી અરજણ હરજીભાઈ ભાનુશાલીના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ મોરારજી દેસાઈ (બહાર )શોપીંગ સેન્ટર દુકાન નંબર.:૪૮, શ્રી ગીતાબેન જયંતીલાલ ભાનુશાલીના નામેથી કમી કરી, શ્રી અરજણ હરજીભાઈ ભાનુશાલીના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૭૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૫૨૬૮– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.: ૭૦૨– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૮૭૮– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૮ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૨૩</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની મહાત્મા ગાંધી (અંદર ) માર્કેટની દુકાન નંબર.:૨૬, શ્રી રંજુબેન સુધાંશુ શર્માના નામેથી કમી કરી, શ્રી અમીત વી. ગુપ્તાના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ મહાત્મા ગાંધી (અંદર ) માર્કેટની દુકાન નંબર.:૨૬, શ્રી રંજુબેન સુધાંશુ શર્માના નામેથી કમી કરી, શ્રી અમીત વી. ગુપ્તાના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૩૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૧૩૫૬– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.: ૧૭૨– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૨૧૫– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૮૯ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————

<u>કામ નં.–૨૪</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાની એન.એસ.બી.શોપીંગ સેન્ટરની દુકાન નંબર.: પ્રથમ –૦૫, શ્રી ઈલા જગદીશ મેરાઈના નામેથી કમી કરી, શ્રી ઈન્દ્રજીત દયારામ બલસારાના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ એન.એસ.બી.શોપીંગ સેન્ટરની દુકાન નંબર.: પ્રથમ –૦૫, શ્રી ઈલા જગદીશ મેરાઈના નામેથી કમી કરી, શ્રી ઈન્દ્રજીત દયારામ બલસારાના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૭૦,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૨૭૭૫– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.: ૪૪૪– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૫૫૫– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

–સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૦ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

**કામ નં.–૨૫**

**વિષય:–** વલસાડ નગરપાલિકાની ઈન્દીરા ગાંધી શોપીંગ સેન્ટરની દુકાન નંબર.:૪૫, શ્રી ભગવાનરાય નવલનાથ રાયના નામેથી કમી કરી, શ્રીમતી સરલાબેન દેવીદાસ બોરસેના નામે ટ્રાન્સફર કરવા બાબત..

**ઠરાવ.:–**

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફીસરનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઈન્દીરા ગાંધી શોપીંગ સેન્ટરની દુકાન નંબર.:૪૫, શ્રી ભગવાનરાય નવલનાથ રાયના નામેથી કમી કરી, શ્રીમતી સરલાબેન દેવીદાસ બોરસેના નામે કરવા એફીડેવીટ સહીતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

**શરતો.:**

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂા.: ૩૫,૦૦૦– ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂા.: ૧૫૬૦– અગાઉથી ભરવાની રહેશે જેના પર વ્યાજ આપવામા આવશે નહીં.

(૩) સદર દુકાનનુ હાલનુ માસીક ભાડુ રૂા.: ૧૯૭– છે તેમા ૨૫%નો વધારો કરતા નવુ માસીક ભાડુ માહે ૨૦૧૯–૨૦ થી રૂા.:૨૬૦– ભરવાનુ રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.: ૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જુની શરતોમા સુધારો વધારો કરવામા આવશે તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામા આવે તો તેનો અમલ ભોગવટો કરનારે –કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન / ઓફીસની આગળ ટ્રાફીકને અડચણકર્તા કોઈપણ માલ સામાન કે વાહનો મુકવા નહીં.

**–સ.મ.મંજુર.**

**કા.સ.ઠ.નં.–૩૯૧ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

**કામ નં.–૨૬**

**વિષયઃ–** **વલસાડ નગરપાલિકાની બી.સેજલ ગેસની દક્ષિણ બાજુમાં અન્ય જમીન રોકાણ કબજેદાર તરીકે વિમલાબેન મહાદેવભાઈ તનવાણીના નામેથી કમી કરી,વારસાઈરૂએ એમની પુત્રી રીટાબેન ઉર્ફે સીમરન મહાદેવભાઈ તે રાજેશભાઈ જસુમલ પેશવાણીનું નામ દાખલ કરવા બાબત..**

**ઠરાવ.ઃ–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની બી.સેજલ ગેસની દક્ષિણ બાજુમાં અન્ય જમીન રોકાણ કબજેદાર તરીકે વિમલાબેન મહાદેવભાઈ તનવાણીના નામે ચાલી આવેલ છે. જેઓનું તા.: ૧૩–૦૮–૨૦૧૫ નાં રોજ અવસાન થવાથી રૂા.૧૦૦/– નાં સ્ટાંપ પેપર ઉપર નોટરી કરેલ સ્ટાંપ પેપર તેમજ વીલ યાને વસીયતનામાના આધારે, નગરપાલિકાના રેકર્ડ દફતરેથી વિમલાબેન મહાદેવભાઈ તનવાણીનું નામ કમી કરી, કબજેદાર તરીકે એમની પુત્રી રીટાબેન ઉર્ફે સીમરન મહાદેવભાઈ તે રાજેશભાઈ જસુમલ પેશવાણીનું નામ દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૯૨ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૨૭</u>

<u>વિષયઃ–</u> સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડનો ૫૬ માં પ્રજાસત્તાક નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે પ્રસિધ્ધ થનાર વિજય અંકમાં સંસ્થાની જાહેરાત આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,_સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડનો ૫૬ માં પ્રજાસત્તાક નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે " વિજય અંક પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જે અંકમાં નગરપાલિકાની જાહેરાત આપવા અંગેની માંગણી કરતી તા.:૨૩–૧૨–૨૦૧૯ ના રોજ આવેલ અરજીને ઘ્યાને લઈ, સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી,વલસાડને "૫૬ માં પ્રસિધ્ધ થનાર " વિજય અંકમાં " રૂા. ૨૦,૦૦૦/– અંકે રૂા. વીસ હજાર પુરાની મર્યાદામાં આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૩ / તા.:૧૮–૦૧–૨૦૨૦

————————————————————————————————————————

<u>કામ નં.–૨૮</u>

<u>વિષયઃ–</u> અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર, અબ્રામા માટે જગ્યા ફાળવવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત, વલસાડનો આવેલ પત્ર નં.જિ.પં.અહેયુ / જમીન ડિમાન્ડ / વશી / ૪૯૮૦–૮૪ / ૨૦૧૯–૨૦ તા.: ૩૦/૧૧/૨૦૧૯ થી જણાવ્યા મુજબ વલસાડ શહેરી વિસ્તારમાં અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર (૧) અબ્રામા (૨) શહીદ ચોક અને (૩) વલસાડ પારડી એમ ત્રણ પ્રાયમરી અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત કરેલ છે. જેના માટે જમીનની માંગણી કરવામાં આવેલ છે. સદર પત્રમાં જણાવ્યા મુજબ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર, અબ્રામા માટે વોર્ડ નંબર–૪ ના મોગરાવાડી સૂકી તલાવડી પ્રાથમિક શાળાના પૂર્વ ભાગે સર્વે નંબર–૧૩૫૯ ની જમીન પૈકીની ૫૦૦ ચો.મી. જગ્યા અર્બન હેલ્થ સેન્ટરના બાંધકામ માટે ફાળવવા સબંધે માંગણી કરતો પત્ર આવેલ છે.સદર જગ્યા ઉપલબ્ધ થયેથી બાંધકામ સબંધેની કામગીરી પી.આઈ.યુ. મારફત કરી શકાય એમ જણાવેલ છે.જે હકીકતોથી વિદિત થતાં અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર, અબ્રામા માટે જગ્યા ફાળવવા સબંધે જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. –૩૯૪/ તા.:૧૮–૦૧–૨૦૨૦**

———————————————————————————————————————————

**<u>કામ નં.–૨૯</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રી અમૃત યોજના વર્ષ : ૨૦૧૫–૧૬ હેઠળ વારીગૃહ હેડવર્કસ ખાતે ૧૫ એમએલડીની ક્ષમતા ધરાવતું વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામે હિન્દુસ્તાન પ્રોજેકટસ, મુા. પાલ,માવડી મેઈનરોડ, રાજકોટનું ટેન્ડર મંજુર કરી,વર્કઓર્ડર આપવામાં આવેલ.પરંતુ ચોમાસાની સીઝનના કારણે સદરહું કામગીરી સમયમર્યાદામાં થઈ શકેલ નહોય,૦૩–માસ જેટલી સમયમર્યાદામાં વધારો કરી આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રી અમૃત યોજના વર્ષ : ૨૦૧૫–૧૬ હેઠળ વારીગૃહ હેડવર્કસ ખાતે ૧૫ એમએલડીની ક્ષમતા ધરાવતું વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામે હિન્દુસ્તાન પ્રોજેકટસ, મુા. પાલ,માવડી મેઈનરોડ, રાજકોટનું ટેન્ડર ગાંધીનગર ખાતે થયેલ મીટીંગના એજન્ડા નં–૬ માં મંજુર કરવામાં આવેલ. સદરહુ કામગીરી કરવા માટે અત્રેની કચેરીએથી વહીવટી જાવક નં.–૩૧૪ / તા.: ૦૧–૦૬–૨૦૧૮ થી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી ધ્વારા સદરહું સોંપવામાં આવેલ કામગીરી સમયમર્યાદામાં શરૂ કરવામાં આવેલ, સદરહુ કામગીરી ટેન્ડરની શરત મુજબ સમયમર્યાદા ૧૮ માસની હતી. પરંતુ હાલે ચોમાસાની સીઝનના કારણે અતિથી ભારે વરસાદ થવાથી સદરહુ કામગીરી આ સમયમાં થઈ શકેલ ન હોય, જેના કારણે સદરહુ એજન્સીને ૦૩ (ત્રણ)–માસ જેટલી સમયમર્યાદામાં વધારો કરી આપવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૯૫ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————————

<u>કામ નં.–૩૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.:૦૯–૦૮–૨૦૧૯ અને તા.:૧૦–૦૮–૨૦૧૯ ના રોજ રાત્રી દરમ્યાન શ્રી દશામાંની પ્રતિમાનુ વિસર્જન માટે ઔરંગા નદી અને વાંકી નદીના તટ પર લાઈટીંગની વ્યવસ્થા જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, લુહાર ટેકરા, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જેના આવેલ જુદા જુદા (૧)૧૨,૧૦૦– (૨) ૨૪,૩૦૦– (૩) ૨૪,૩૦૦– (૪) ૧૨,૧૦૦– બીલોનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.:૦૯–૦૮–૨૦૧૯ અને તા.:૧૦–૦૮–૨૦૧૯ ના રોજ રાત્રી દરમ્યાન શ્રી દશામાંની પ્રતિમાનુ વિસર્જન માટે ઔરંગા નદી અને વાંકી નદીમાં કરવામાં આવેલ. સદરહુ વિસર્જનના કાર્યક્રમમાં બંને નદીના તટ પર લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે ફા.એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૪૩ / તા.: ૨૬–૦૮–૨૦૧૬ થી મંજુર થયા મુજબ, જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, લુહાર ટેકરા, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જેના આવેલ જુદા જુદા (૧)૧૨,૧૦૦– (૨) ૨૪,૩૦૦– (૩) ૨૪,૩૦૦– (૪) ૧૨,૧૦૦– રૂા.ના બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૯૬/ તા.:૧૮–૦૧–૨૦૨૦**

**––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**<u>કામ નં.–૩૧</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.:૧૦–૦૯–૨૦૧૯ ના રોજ તાજીયા (મહોરમ ) વિસર્જન માટે ઔરંગા નદીના તટ પર જરૂરીયાત મુજબ લાઈટીંગની વ્યવસ્થા જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, લુહાર ટેકરા, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જેના આવેલ જુદા જુદા (૧)૩૭,૨૫૦– (૨) ૧,૬૦૦– (૩)૫૫૦– બીલોનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.: ૧૦–૦૯–૨૦૧૯ના રોજ તાજીયા (મહોરમ ) વિસર્જન ઔરંગા નદીમાં કરવામાં આવે છે. સદરહું નદીના તટ પર જરૂરીયાત મુજબ લાઈટીંગની વ્યવસ્થા માટે ફા.એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૪૩ / તા.: ૨૬–૦૮–૨૦૧૬ થી મંજુર થયા મુજબ, જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, લુહાર ટેકરા, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જેના આવેલ જુદા જુદા બીલો (૧) ૩૭,૨૫૦– (૨) ૧,૬૦૦– (૩)૫૫૦– રૂા.ના બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૯૭ / તા.: ૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————

<u>કામ નં.–૩૨</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.:૦૨–૦૯–૨૦૧૯ અને તા.:૧૩–૦૯–૨૦૧૯ ના રોજ શ્રી ગણેશજીની પ્રતિમાનુ વિસર્જન માટે ઔરંગા નદી અને વાંકી નદીના તટ પર લાઈટીંગની સુવિધા આપવા માટે તેમજ વલસાડ શહેરના જુદા જુદા મુખ્યમાર્ગો ઉપર લાઈટીંગની સુવિધા આપવા ફા.એન્ડ લાઈટ ક.ઠ.નં.૪૩ / તા.: ૨૬–૦૮–૨૦૧૬ ના મંજુર થયા મુજબ લાઈટીંગની વ્યવસ્થા જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, લુહાર ટેકરા, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જેના આવેલ જુદા જુદા (૧)૩,૪૪,૧૫૦– (૨) ૧,૦૦,૦૦૦– (૩) ૪૪,૦૦૦– બીલોનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.:૦૨–૦૯–૨૦૧૯ અને તા.:૧૩–૦૯–૨૦૧૯ ના રોજ શ્રી ગણેશજીની પ્રતિમાનુ વિસર્જન કરવામાં આવેલ. સદરહુ વિર્સજન ઔરંગા નદી તેમજ વાંકી નદીમાં કરવામાં આવેલ. સદરહુ બાબતે બંને નદીના તટ પર જરૂરીયાત મુજબ લાઈટીંગની સુવિધા આપવા માટે તેમજ વલસાડ શહેરના જુદા જુદા મુખ્યમાર્ગો ઉપર લાઈટીંગની સુવિધા આપવા ફા.એન્ડ લાઈટ ક.ઠ.નં.૪૩ / તા.: ૨૬–૦૮–૨૦૧૬ ના મંજુર થયા મુજબ લાઈટીંગની વ્યવસ્થા જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, લુહાર ટેકરા, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જેના આવેલ જુદા જુદા (૧)૩,૪૪,૧૫૦– (૨) ૧,૦૦,૦૦૦– (૩) ૪૪,૦૦૦–રૂા.ના બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૮ / તા.:૧૮ –૦૧–૨૦૨૦

---

**કામ નં.–૩૩**

**વિષયઃ–** વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં તા.:૧૭–૯–૨૦૧૯ ના રોજ વલસાડ નગરપાલિકા હદમાં ઔરંગા નદીના કિનારે" નમામિ દેવી નર્મદે મહોત્સવ " કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, સદરહુ કાર્યક્રમ માટે ૩ ફેઝ મીટર કનેકશન હંગામી ધોરણે મુકવાની કામગીરી જયઅંબે લાઈટીંગ ડેકોરેટર્સ, લુહાર ટેકરા, વલસાડે સોંપવામાં આવેલ, જે અંગેની કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા. ૧૬,૫૦૦/– મંજુર કરવા બાબત..

**ઠરાવ.:**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના પત્રક્રમાંક નં.–પરચ/ મા નર્મદા મહોત્સબ–૧૯/૨૦૧૯/તા.:૧૩–૦૯–૨૦૧૯ ના પત્રમાં જણાવ્યા મુજબ " નમામિ દેવી નર્મદે મહોત્સવ " ની ઉજવણી કરવાની હોય, સદરહુ કાર્યક્રમ તા.: ૧૭–૦૯–૨૦૧૯ ના રોજ વલસાડ નગરપાલિકા હદમાં ઔરંગા નદીના કિનારે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, સદરહુ કાર્યક્રમ માટે ૩ ફેઝ મીટર કનેકશન હંગામી ધોરણે મુકવાની કામગીરી જયઅંબે લાઈટીંગ ડેકોરેટર્સ, લુહાર ટેકરા, વલસાડને સોંપવામાં આવેલ,સદરહું કરેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૧૬,૫૦૦/–નું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૯ / તા.:૧૮–૦૧–૨૦૨૦

————————————————————————————————————————————

<u>કામ નં.–૩૪</u>

<u>વિષયઃ–</u> નગર સેવા સદનના પાછળના ભાગે શોપીંગ મોલની બાજુમાં, ન.પા.ના જે તે શાખાના વાહનો ખુલ્લી જગ્યામાં આવે છે.સદરહુ વાહનોને નુકશાન થતું અટકે તેમજ સાવચેતીનાં પગલાંરૂપે લોંખડના એમ.એસ.ગેટ બનાવવાના અંગેની કામગીરી ઠેકેદારશ્રી મે.રાજપરા બ્રધર્સ, જી.આઈ.ડી.સી.,વાપી પાસેથી કરાવેલ. સદરહુ કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૯૩,૫૫૧/–મંજુર કરવા બાબત

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગર સેવા સદનના પાછળના ભાગે શોપીંગ મોલની બાજુમાં, લીંક રોડ પાસે હાલે ખુલ્લી જગ્યા હોય, અને નગરપાલિકાના જે તે શાખાના વાહનો નવીન નગર સેવા સદનની બાજુમાં ખુલ્લી જગ્યામાં મુકવામાં આવે છે. અને નગરપાલિકા કચેરીની આગળથી પાછળના ભાગે કોઈ ગેટ ન હોય, જેથી કોઈ સાવચેતી રહેતી નથી. અને વાહનોમાં જયારે ત્યારે જે તે પ્રકારનું નુકશાન થતું આવેલ છે. નગરપાલિકાના પાછળના ભાગે જો ગેટ બનાવવામાં આવે તો વાહનોને નુકશાન થતું અટકે તેમજ સાવચેતીનાં પગલાંરૂપે એક લોંખડનો એમ.એસ.ગેટ બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા. ૧,૦૩,૩૭૧/– પુરાનો આવેલ છે. અને દિવાળીનો તહેવાર નજીક હોય, સદરહુ કામગીરી કરાવવી ખુબજ અત્યંત અને જરૂરી હોય, સદરહુ કામગીરી ઠેકેદારશ્રી મે.રાજપરા બ્રધર્સ, જી.આઈ.ડી.સી.,વાપી પાસેથી કરાવેલ. સદરહુ કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૯૩,૫૫૧/– પુરાનું બીલ આવેલ છે. સદરહુ કામગીરીને બહાલ રાખી આવેલ બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૦ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૩૫</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ,ગાંધીનગરની ફાળવેલ વ્યવસાયવેરાની ગ્રાન્ટમાંથી પાઈપલાઈન નાંખવાનું કામ, પૂજા અભિષેક એપાર્ટમેન્ટ, તેમજ આહિરવાડ, તિથલરોડ પર સદરહુ કામગીરી એજન્સી ધ્વારા કરવામાં આવેલ છે. જેને બહાલ રાખવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની ગુજ.મ્યુનિ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરનો પત્રક્રમાંક નં.–મફબ / વ્ય.વેરા (૫૦%) ગ્રાન્ટ / ન.પા. / ૨૦૧૨–૧૩ / **R.E.**/૫૭૩૦ / તા.૩૦–૦૩–૨૦૧૩ થી સને : ૨૦૧૨–૧૩ ના વર્ષ માટે વ્યવસાયવેરા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ,સદરહું ગ્રાન્ટ અન્વયે જુદાજુદા કામો કરવા માટે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઈ–ટેન્ડર કરી મુદત દરમ્યાન ફકત એકજ ટેન્ડર આવેલ હોય, અને ટેન્ડરર ધ્વારા એસ્ટીમેન્ટ રકમના ૫.૩૭% નીચા ભાવો આવતા સદરહુ એકજ આવેલ ટેન્ડર કા.સ.ઠ.નં.–૪૧૪ / તા.:૧૧–૧૨–૨૦૧૩ થી મંજુર કરી સદરહુ એજન્સી ખોડીયાર કન્સ્ટ્રકશન, ભાવનગરને તા.:૨૭–૧૨–૨૦૧૩ થી કામગીરી સોંપવામાં આવેલ, સદરહુ એજન્સી ધ્વારા નગરપાલિકા ધ્વારા સોંપવામાં આવેલ કામો પૈકી અંકિતા એપાર્ટમેન્ટ થી જુની સર્વોદય હોસ્પિટલ તરફ સુધી, વિગેરે જુદા જુદા વિસ્તારોમાં પાઈપલાઈન નાખવાનું કામ મંજુર થયેલ, પરંતુ સ્થળ ઉપર કામગીરી કરવા જતાં ભાગડાવડા ગ્રામ પંચાયતના સરપંચશ્રી તેમજ ઉપસરપંચશ્રી ધ્વારા સદરહુ ગટર લાઈન નાંખવાની કામગીરી કરવા માટે ઉગ્રવિરોધ નોંધાવતા સદરહુ મંજુર થયેલ કામ સ્થળ ઉપર થઈ શકેલ નથી. જેથી સદરહું સ્થળ ઉપર કામગીરી નહીં કરતાં તેના બદલે પુજા અભિષેક એપાર્ટમેન્ટ, તેમજ આહિરવાડ, તિથલરોડ પર સદરહુ કામગીરી એજન્સી ધ્વારા કરવામાં આવેલ છે. જે હકીકત છે. સદરહું મંજુર થયેલ સ્થળની બદલી કરીને જે કામગીરી કરેલ છે. જે કરાયેલ કામગીરીને બહાલ રાખી આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૧ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૩૬</u>

<u>વિષય:–</u> કા.સ.ઠ.નં.૬૦/ તા.:૨૦–૭–૨૦૧૯ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમા વોર્ડ નં.–૧ થી ૧૧ ના જાહેર સ્થળો, પબ્લીક પ્લેસીસ, જાહેર તળાવો તેમજ મંદિરના પટાંગણમાં જરૂરી આર.સી.સી. વુડન બેન્ચીસ તથા બાળકોના રમતગમતના સાધનો તેમજ કસરત કરવાના સાધનો મુકવાનું ઠરાવવામાં આવેલ.સદરહું ઠરાવ અન્વયે ન.પા.વિસ્તારમાં આવેલ વોર્ડદીઠ નંગ–૧૨(બાર) બેન્ચીસનો ખર્ચ બાંધકામ શાખા ધ્વારા બાંધકામ વિકાસ પરવાનગી અન્વયે થતી આવક જેવી કે સ્ક્રુટીની ફી, એમીનીટીઝ ફી, વિગેરે આવકમાંથી કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં.૬૦/ તા.:૨૦–૭–૨૦૧૯ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમા વોર્ડ નં.–૧ થી ૧૧ ના જાહેર સ્થળો, પબ્લીક પ્લેસીસ, જાહેર તળાવો તેમજ મંદિરના પટાંગણમાં જરૂરી આર.સી.સી. વુડન બેન્ચીસ તથા બાળકોના રમતગમતના સાધનો તેમજ કસરત કરવાના સાધનો મુકવાનું ઠરાવવામાં આવેલ.સદરહું ઠરાવ અન્વયે આર.સી.સી. વુડન બેન્ચીસ ખરીદ કરવા માટે સ્થાનિક બજારમાંથી ભાવો મેળવવામાં આવેલ, જેમાં એજન્સી શ્રી લક્ષ્મી સીમેન્ટ કોર્પોરેશન, વાઘલધરા, વલસાડના ભાવો ઓછા આવેલ છે. ઓછા આવેલ ભાવ રૂા.૫૫૦૦/– ( ટેક્ષ સહિત ) કા.સ.ઠ.નં.– ૨૬૬ / તા.: ૧૪–૧૦–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે.

વિશેષમાં તા.૨૭–૧૨–૨૦૧૯ ના રોજ મળેલ બાંધકામ સમિતિની મીટીંગમાં થયેલ ઠરાવ અન્વયે નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વોર્ડદીઠ નંગ–૧૨(બાર) બેન્ચીસ ફાળવણી કરવાનું ઠરાવવામાં આવેલ છે. અને સદરહુ બેન્ચીસનો ખર્ચ બાંધકામ શાખા ધ્વારા બાંધકામ વિકાસ પરવાનગી અન્વયે થતી આવક જેવી કે સ્ક્રુટીની ફી, એમીનીટીઝ ફી, વિગેરે આવકમાંથી કરવા અંગેના આવેલ કામે ચર્ચા વિચારણાનાં અંતે સદરહું આર.સી.સી.વુડન બેન્ચીસ ખરીદી,શ્રી લક્ષ્મી સીમેન્ટ કોર્પોરેશન,વાઘલધરા, વલસાડના મંજુર કરેલ ભાવોએ , ૧૪ માં નાણાપંચની ગ્રાંટમાંથી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૨/ તા.:૧૮–૦૧–૨૦૨૦

---

કામ નં.–૩૭

વિષયઃ– રીલાયન્સ જીઓ ઈન્ફ્રાટેલ પ્રા.લી.ના પત્રક્રમાંક નં.**RJIPL / VALSAD / VLSD /0070 / 04-10-2019** થી નગરપાલિકાની જગ્યામાં **4G** ટેલીકોમ સેવા (ટાવર) ફીશ માર્કેટ, શહીદ ચોક વિસ્તારમાં ઉભો કરવા માટેની ૩.૦૦ મી.× ૩.૦૦મી.જેટલી જગ્યા ફાળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, રીલાયન્સ જીઓ ઈન્ફ્રાટેલ પ્રા.લી.ના પત્રક્રમાંક નં.**RJIPL / VALSAD / VLSD /0070 / 04-10-2019** થી નગરપાલિકાની જગ્યામાં **4G** ટેલીકોમ સેવા (ટાવર) ઉભા કરવા માટે નગરપાલિકાની જગ્યામાં ફીશ માર્કેટ, શહીદ ચોક વિસ્તારમાં ટાવર ઉભો કરવા માટે અત્રેની કચેરીએ પત્ર રજૂ કરેલ છે. અરજદારશ્રીએ કરેલ અરજી અન્વયેની સેવાઓ પૂરી પાડવાના કામે ના. ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ પરીપત્ર નં.–નપલ / ૪૫૧૨ / ૩૪૩૮ / મ.,તા.:૦૩–૧૦–૨૦૧૨ થી નિયત કરવામાં આવેલ આમુખ, વસુલાત કરવાના ચાર્જીસને લગતો કોઠો, નગરપાલિકાએ જે તે પાર્ટી જોડે કરવાના કરારખતમાં દર્શાવવાની રહેતી અગત્યની શરતો તથા **HDD** પધ્ધતિથી **0FC** કેબલ નેટવર્ક ઉભુ કરવા અને પોલ ઉભા કરવા માટેની અન્ય ૧ થી ૩ શરતો દર્શાવેલ છે. સદર પરિપત્રમાં ના.સરકારશ્રીના શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગે તા.: ૨૨–૧૨–૨૦૧૨ ના રોજ કરેલ સુધારાનો પરિપત્ર રજુ કરેલ છે. સદરહુ પરિપત્રમાં દર્શાવેલ તમામ વિગતો જે નગરપાલિકાને લાગુ દર્શાવવામાં આવેલ છે.

ઉપરોકત પરિપત્રમાં દર્શાવેલ શરતો ઉપરાંત નગરપાલિકાના જાહેર હિતોમાં જરૂરી જણાય તેવી શરતોનો સમાવેશ કરવો જરૂરી અને આવશ્યક જણાય આવે છે. રીલાયન્સ જીઓ ઈન્ફ્રાટેલ પ્રા.લી.ધ્વારા નગરપાલિકાની જગ્યામાં જે તે પોલ ઉભો કરવામાં આવે તે પોલ ઉપર લાઈટીંગ ફીકચર્સ મુકી તેનું મેઈન્ટેનન્સ તેમજ વીજ વપરાશનું બીલ કંપની ધ્વારા ચુકવવાનું રહેશે.

ઉપરોકત સમગ્ર હકીકતને ધ્યાને લેતા ના.સરકારશ્રીના પરિપત્રમાં જણાવ્યા મુજબના નિયમોનુસારના નાણાં વસુલ લઈ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જગ્યામાં ફીશ માર્કેટ, શહીદ ચોક વિસ્તારમાં ટાવર ઉભો કરવા માટેની ૩.૦૦ મી.× ૩.૦૦મી.જેટલી જગ્યા ફાળવવા અંગેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણાંના અંતે હાલે સદરહુ કામ મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૪૦૩ / તા.: ૧૮ –૦૧–૨૦૨૦**

---

**<u>કામ નં.–૩૮</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ,ગાંધીનગર ધ્વારા સને : ૨૦૧૯–૨૦ ના વર્ષની ગ્રાંટ પેટેરૂા.૪૮૫.૯૪ લાખ ફાળવવામાં આવેલ છે. જે ૧૪માં નાણાંપંચ ગ્રાંટની શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.ઃ</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા– વલસાડને ના.ગુજરાત સરકારશ્રીના ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ,ગાંધીનગર ધ્વારા સને : ૨૦૧૯–૨૦ ના વર્ષની ગ્રાંટ પેટે વલસાડ નગરપાલિકા – વલસાડને રૂા.૪૮૫.૯૪ લાખ ફાળવવામાં આવેલ છે. જે ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાં નગરપાલિકાના જુદા જુદા શાખાઓમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામો નકકી કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી સત્તા, મે.ચીફ ઓફીસરશ્રી, તથા મે.પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૪૦૪/ તા.: ૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૩૯</u>

<u>વિષયઃ–</u> પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય તીથલ રોડ વલસાડની તા.:૦૪–૧૧–૨૦૧૯ ના રોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે માનસી પેટ્રોલીયમ, બેચરરોડ થી નવરંગ લસ્સી થઈ ઓવરબ્રીજ સુધી રસ્તાની મધ્યમાં આવેલ ઈલેકટ્રીક પોલ ઉપરઝંડીઓ લગાવવાની મંજુરી આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય તીથલ રોડ વલસાડની તા.:૦૪–૧૧–૨૦૧૯ ના રોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે માનસી પેટ્રોલીયમ, બેચરરોડ થી નવરંગ લસ્સી થઈ ઓવરબ્રીજ સુધી રસ્તાની મધ્યમાં આવેલ નગરપાલિકા સંચાલિત ઈલેકટ્રીક પોલ ઉપર સદરહુ અરજદારશ્રી ધ્વારા ગણ વર્ષોમાં ઝંડીઓ લગાવવામાં આવેલ છે. સદરહુ ઝંડીઓ ખરાબ થઈ જવાથી નવી ઝંડીઓ બદલવાની જરૂરીયાત હોય, સદરહુ કામગીરી કરવા માટે જરૂરી મંજુરીની માંગણી કરેલ છે.અરજદારશ્રીની અરજીમાં જણાવ્યા મુજબ નગરપાલિકા ધ્વારા જે કાંઈ ફી નકકી કરે તે ભરપાઈ કરવાની સંમતિ આપેલ છે,જે હકીકતોથી વિદિત થતાં સદરહું સંસ્થા સેવાકીય હોય, સદરહું ઉપરોકત જણાવેલ કામગીરી કરાવવા માટે જરૂરી મંજુરી આપવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.—૪૦૫ / તા.:૧૮—૦૧—૨૦૨૦

---

<u>કામ નં.—૪૦</u>

<u>વિષય:— </u>વલસાડ નગરપાલિકા સંચાલીત ડી.એમ.ડી.જી. મ્યુનિસિપલ હાઈસ્કુલ, બેચર રોડ, વલસાડના ઈ.ચા.આચાર્યશ્રીની તા.:૯—૧૨—૨૦૧૯ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ સદરહુ બિલ્ડીંગના પાછળના ભાગે અવર—જવર ખુલ્લી જગ્યામાં રાત્રી દરમ્યાન અસામાજીક તત્વો ધ્વારા અનઅધિકૃત કાર્ય કરતાંની ફરીયાદ આવેલ છે. જે અંગે વોચમેન રાખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલીત ડી.એમ.ડી.જી. મ્યુનિસિપલ હાઈસ્કુલ, બેચર રોડ, વલસાડના ઈ.ચા.આચાર્યશ્રીની તા.:૯—૧૨—૨૦૧૯ ના રોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ હાલે ડી.એમ.ડી.જી. મ્યુનિસિપલ હાઈસ્કુલ બિલ્ડીંગ નવીનીકરણની કામગીરી હાલે પ્રગતિમાં છે. સદરહુ બિલ્ડીંગના પાછળના ભાગે અવર—જવર ખુલ્લી જગ્યામાં રાત્રી દરમ્યાન અસામાજીક તત્વો ધ્વારા અનઅધિકૃત કાર્ય કરતાંની ફરીયાદ આવેલ છે. સદરહુ ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખી , સદરહું સ્થળે રાત્રી વોચમેન—૧, રાખવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૬ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————

<u>કામ નં.–૪૧</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-78, 2014-15** ના વર્ષની ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રકમ જનરલ સદર રૂા. ૧૯,૦૦,૦૦૦/– ના કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-78, 2014-15** ના વર્ષની ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રકમ જનરલ સદર રૂા. ૧૯,૦૦,૦૦૦/– અંકે રૂા. ઓગણીસ લાખ પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ગૌરવ એપાર્ટમેન્ટ, મેહરુ ટીચરના ઘર થઈ પ્રાંગન એપાર્ટમેન્ટ સુધી.. | વરસાદી ગટર | ૧૨૨૩૮૦૦.૦૦ |
| ૨ | ૫ | વનરાજ ડેરીની સામેથી મદનવાડ ટાંકીની બાજુમાં મુખ્ય ગટર સુધી ( બોક્ષ ડ્રેઈન ) | વરસાદી ગટર | ૭૮૩૨૦૦.૦૦ |
| | | | કુલ.. | ૨૦,૦૭,૦૦૦.૦૦ |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.—૪૦૭ / તા.:૧૮—૦૧—૨૦૨૦**

————————————————————————————————————————————

**<u>કામ નં.—૪૨</u>**

**<u>વિષયઃ—</u> ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88, 2015-16 ના વર્ષની ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રકમ જનરલ સદરરૂા. ૪૨,૦૦,૦૦૦/— ના કામો નકકી કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88, 2015-16ના વર્ષની ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રકમ જનરલ સદર રૂા. ૪૨,૦૦,૦૦૦/— અંકે રૂા. બેતાલીસ લાખ પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૧ | જલારામ મંદિર થી ઝહીરભાઈની દુકાન સુધી ( ( બોક્ષ ડ્રેઈન )બનાવવાનું કામ. | વરસાદી ગટર | ૬૮૪૧૦૦.૦૦ |
| ૨ | ૨ | જોગીયાની નાળ, મેઈન ગટરની પશ્ચિમ સાઈડની આર.સી.સી. વોલ ગટર.. | વરસાદી ગટર | ૩૫૯૪૨૦૦.૦૦ |
| | | | કુલ.. | ૪૨,૭૮,૩૦૦.૦૦ |

**વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૪૦૮/ તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૪૩</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88, ( મુખ્યમંત્રી શહેરી સડક યોજના ) ફાળવેલ ગ્રાન્ટ પૈકી** જનરલ સદર રૂા. ૪૦,૦૦,૦૦૦/– ના કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88, (** મુખ્યમંત્રી શહેરી સડક યોજના ) **GUDM** હુકમ નં.– **GUDM / SJMMSVY-UDP-88, / ન.પા. / સડક / ૩૪૨ / તા.: ૨૫–૦૩–૨૦૧૭ થી ફાળવેલ ગ્રાન્ટ પૈકી** જનરલ સદર રૂા. ૪૦,૦૦,૦૦૦/– અંકે રૂા. ચાલીસ લાખ પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | – | આઝાદ ચોક થી શાંતિ ભુવન સુધી ( એમ.જી. રોડ). | ડામર રોડ | ૧૨૬૮૫૦૦.૦૦ |
| ૨ | – | નાના તાઈવાડ મસ્જિદ થી કોસંબા રોડ ગેટ સુધી. | ડામર રોડ | ૧૪૮૩૩૦૦.૦૦ |
| ૩ | – | રામરોટી ચોક થી મોંઘાભાઈ હોલ સર્કલ સુધી ( સ્ટેડીયમ રોડ ) | ડામર રોડ | ૧૫૦૦૦૦૦.૦૦ |
| | | | કુલ.. | ૪૨,૫૧,૮૦૦.૦૦ |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૯ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૪૪</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88, 2017-18, ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રકમ** જનરલ સદર રૂા. ૪૯,૧૬,૦૦૦/– અને **SCSP** સદર રૂા.૧૪,૨૪,૭૦૦/– મળી કુલ રૂા.૬૩,૪૦,૭૦૦/–ના કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88, 2017-18,** હુકમ નં.– ડુડા, વલસાડ હુકમ નં. **UDP-88, / વલસાડ / વહીવટી મંજુરી / પ્રથમ હપ્તો / વશી–૧૧૫૨૨ –૧૧૫૨૫ / ૨૦૧૭ / તા.: ૧૪–૦૯–૨૦૧૭ થી ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રકમ** જનરલ સદર રૂા. ૪૯,૧૬,૦૦૦/– અને **SCSP** સદર રૂા.૧૪,૨૪,૭૦૦/– મળી કુલ રૂા.૬૩,૪૦,૭૦૦/– અંકે રૂા. ત્રેસઠ લાખ,ચાલીસ હજાર,સાતસો પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૧ | સુઘડ ફળીયા રતુભાઈ ગોપાળભાઈ પટેલના ઘર પાસેથી કુમાર છાત્રાલયના આજુબાજુના વિસ્તારમાં ટ્રીમીક્ષ રોડ બનાવવાનું કામ. | ટ્રીમીક્ષ રસ્તા | ૧૭૦૧૫૦૦.૦૦ |
| ૨ | ૨ | હનુમાનજી મંદિર માસ્તર રોડ થઈ સતીમાતા મંદિર સુધી. | ડામર રસ્તા | ૩૩૧૩૯૦૦.૦૦ |
| ૩ | ૫ | જયઅંબે પ્રિન્ટીંગ પ્રેસ થી જગન્નાથ મંદિર રોડ તથા ક્રોસીંગ સુધી ( બોક્ષ ડ્રેઈન ) | વરસાદી ગટર | ૧૦૪૮૪૦૦.૦૦ |
| ૪ | ૫ | અમૃત શેરીથી મુખ્ય ગંગલી ખાડી સુધી (બોક્ષ ડ્રેઈન ) | વરસાદી ગટર | ૮૫૬૯૦૦.૦૦ |
| | | | કુલ.. | ૬૯,૨૦,૭૦૦.૦૦ |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૧૦ / તા.: ૧૮–૦૧–૨૦૨૦

---

**કામ નં.–૪૫**

**વિષય:–** ના.સરકારશ્રીની ૧૪મું નાણાંપંચની સને ૨૦૧૮–૧૯ ના વર્ષની બેઝીક ગ્રાંટના બે હપ્તા પૈકી રૂા.૫,૦૩,૯૫,૧૪૪/–ના કામો નકકી કરવા બાબત..

**ઠરાવ.:**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની ૧૪ મું નાણાપંચ,૨૦૧૮–૧૯, (૧)GMFB હુકમ નં.– મફબ / યુ–૨/૧૪ મું નાણાપંચ / પ્રથમ હપ્તો / ૨૦૧૮–૧૯ / ૧૮૩૭૩ / તા.: ૧૦–૧૦–૨૦૧૮. (૨)GMFB હુકમ નં.– મફબ / યુ–૨/૧૪ મું નાણાપંચ / બીજો હપ્તો / ૨૦૧૮–૧૯ / ૧૪૧૧ / તા.:૦૨–૦૨–૨૦૧૯.ના વર્ષની ફાળવેલ બેઝિક ગ્રાંટ જનરલ / SCSP સદર હેઠળ કુલ રકમ રૂા.૫,૦૩,૯૫,૧૪૪/– અંકે રૂા. પાંચ કરોડ, ત્રણ લાખ, પંચાણુ હજાર, એકસો ચુમ્માલીસ પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧)

**જનરલ સદર.**

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | સુપર કોમ્પ્લેક્ષ પાણીની ટાંકી થઈ ઔરંગા નદી જેટીના ગેટ સુધી રોડની બંને સાઈડે. | પેવરબ્લોક | ૩૩૮૪૦૦૦.૦૦ |
| ૨ | ૨ | સતીમાતા મંદિર થઈ માસ્તર રોડ પંપીગ સ્ટેશન સુધી બંને સાઈડે. | પેવરબ્લોક | ૨૪૬૬૧૦૦.૦૦ |
| ૩ | ૩ | સાંઈપાર્ક સોસાયટીમાં મુખ્યરોડ આંતરિક ગલીમાં. | ડામર રોડ | ૧૩૦૪૨૦૦.૦૦ |
| ૪ | ૪ | મોગરાવાડી દીપ્તી ગ્લાસની બે ગલી વિસ્તારમાં | પેવરબ્લોક | ૧૧૦૩૭૦૦.૦૦ |
| ૫ | ૪ | સહયોગનગર સુભાષ પેન્ટરના ઘરથી વિજય વકીલ તથા સતિશભાઈ કેબલની ગલીમાં. | પેવરબ્લોક | ૧૫૩૭૭૦૦.૦૦ |
| ૬ | ૪ | ખયાતિનગરની બે ગલીમાં તથા વિનોદમામાની ગલીમાં શિવપાર્ક સહીત વિસ્તારમાં | પેવરબ્લોક | ૬૮૭૮૦૦.૦૦ |
| ૭ | ૪ | ભાવેશભાઈ કોમ્પ્યુટરવાલાની ગલી મોગરાવાડી | પેવરબ્લોક | ૩૨૪૫૦૦.૦૦ |
| ૮ | ૪ | મોટા તળાવવાળો રસ્તો મુકેશ બેકરીના ઘર નજીકનો વિસ્તાર. | પેવરબ્લોક | ૫૦૮૧૦૦.૦૦ |
| ૯ | ૪ | દયારામના ઘર થી સુકી તલાવડી આંતરીક ગલીમાં. | પેવરબ્લોક | ૭૫૫૦૦૦.૦૦ |
| ૧૦ | ૬ | ચંપાની ગલીના વિસ્તારમાં . | પેવરબ્લોક | ૨૪૪૮૦૦.૦૦ |
| ૧૧ | ૬ | રામવાડી ૧ થી ૩ ની વચ્ચેની ગલીમાં. | પેવરબ્લોક | ૧૭૨૧૦૦.૦૦ |
| ૧૨ | ૬ | રામવાડીનો મુખ્ય રોડ. | ડામર રોડ | ૧૧૫૫૦૦૦.૦૦ |
| ૧૩ | ૮ | ડી.એસ.પી. ઓફીસ ચાર રસ્તાથી તીથલ રોડ જકાત નાકા | સ્ટ્રીટ લાઈટ | ૩૩૯૦૬૦૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | સુધી રસ્તાની મધ્યમાં સ્ટ્રીટલાઈટના પોલ નાંખવાનું કામ. | | |
| ૧૪ | ૮ | ડ્રીમલેન્ડ ટોકીઝના પાછળ પાર્વતીમાતા મંદિર વિસ્તારમાં. | પેવરબ્લોક | ૬૨૯૭૦૦.૦૦ |
| ૧૫ | ૮ | સીટી પેલેસ મયુરી ફરસાણની સામેની ગલી જવાહર સોસાયટી.(બાબુલાલની ગલી) | પેવરબ્લોક | ૬૧૯૬૦૦.૦૦ |
| ૧૬ | ૮ | ગોયાતળાવ મુખ્ય રસ્તા થી પ્રજ્ઞા સોસાયટી વિસ્તારમાં. | પેવરબ્લોક | ૮૨૬૭૦૦.૦૦ |
| ૧૭ | ૮ | ડ્રીમલેન્ડ ટોકીઝના પાછળ પાર્વતીમાતા મંદિર પાસે. | વરસાદી ગટર | ૧૭૯૨૦૦.૦૦ |
| ૧૮ | ૮ | ભાવિનભાઈ કાપડીયાના ઘરથી ગળતેશ્વર મંદીર થઈ મુખ્ય ગટર સુધી ( બોક્ષ ડ્રેઈન) | વરસાદી ગટર | ૧૫૯૮૮૦૦.૦૦ |
| ૧૯ | ૮ | તીથલ રોડ થી આંતરીક ગલી ( કસનજી પાર્ક ગલી, તારાબાગ ગલી, અવધુત સોસા.ગલી. ગોયા તળાવ મુખ્ય રોડ તથા ત્રિપદા ,પ્રજ્ઞા અને સુરેશ ચણાવાલાની ગલી.) **(DIK-7)** ધીરૂભાઈ પટાવાળાના ઘર પાસે. | પીવાના પાણીની લાઈન. | ૩૭૯૯૦૦૦.૦૦ |
| ૨૦ | ૮ | તીથલ રોડ મેઈન રોડ થી તારાબાગ સોસાયટી થઈ દેવાંગભાઈના ઘર સુધી. | ડામર રોડ | ૨૧૧૧૩૦૦.૦૦ |
| ૨૧ | ૯ | હાલર મીશન કોલોની રીટાબેનની ઘરથી નરેશ બલસારીના ઘર ( સુથાર ચાલ) સુધી. | પેવર બ્લોક | ૩૭૫૬૦૦.૦૦ |
| ૨૨ | ૧૦ | મણીબાગ સોસાયટી –૧, નો મેઈન રોડ અને મણીબાગ સોસયટી–૧ ની આંતરીક ગલીઓ. | ડામર રોડ | ૧૨૧૬૫૦૦.૦૦ |
| ૨૩ | ૧૦ | પંચવટી સોસાયટીમાં | પેવર બ્લોક | ૧૨૦૦૮૦૦.૦૦ |
| ૨૪ | ૧૧ | વાવ ફળીયા વિસ્તારમાં સ્કુલ પાસેની આંતરીક ગલીઓમાં. | પેવર બ્લોક | ૮૧૨૬૦૦.૦૦ |
| ૨૫ | ૧૧ | ગણેશભાઈના ઘરથી રાકેશભાઈના ઘર સુધી તથા મંગુભાઈવાળી ગલી. | પેવર બ્લોક | ૪૩૪૦૦૦.૦૦ |
| ૨૬ | ૧૧ | સૂર્યકાંતભાઈની ઘર પાસેથી કિશોરભાઈ ટપાલીના ઘર સુધી. | પેવર બ્લોક | ૫૭૯૫૦૦.૦૦ |
| ૨૭ | ૧૧ | સાંઈબાબા મંદીરની સામે રાજુભાઈ આર.પટેલના ઘરથી સંદેશ ઈન્દુલકરની ગલી. | ડામર રોડ | ૫૪૫૮૦૦.૦૦ |
| ૨૮ | –– | કાશ્મીરનગર નાળા થી કલર ફેકટરી થઈ એસ.ટી.પી.ના ગેટ સુધી. | ડામર રોડ | ૪૩૪૪૦૦૦.૦૦ |
| ૨૯ | –– | શહીદચોક થી રમેશ બેકરી થઈ, સરકારી હોસ્પીટલ સુધી | ડામર રોડ | ૨૪૯૭૯૦૦.૦૦ |
| ૩૦ | –– | અબ્રામા હેડવોટરવર્કસ ખાતે આંતરીક રોડ. | ટ્રીમીક્ષ રસ્તા | ૨૪૨૪૩૦૦.૦૦ |
| ૩૧ | –– | મોગરાવાડી જયરામ તળાવ( મોટા તળાવ) ડેવલપમેન્ટ કરવાનું કામ. | તળાવ ડેવલપમેન્ટ | ૫૯૪૦૮૦૦.૦૦ |
| ૩૨ | –– | નગરપાલિકા સંચાલીત ડી. એમ. ડી. જી. મ્યુનિ.હાઈસ્કુલ કંમ્પાઉન્ડ વોલ, ગેટ તેમજ પેવર બ્લોકનું કામ. | મ્યુનિ.સ્કુલનું કામ. | ૨૪૯૦૦૦૦.૦૦ |
| ૩૩ | –– | મહાત્મા ગાંધી માર્કેટ (ચોરગલી) પેટ્રોલ પંપથી સ્ટેડીયમ રોડ સુધી. | પેવર બ્લોક | ૬૯૦૭૦૦.૦૦ |
| ૩૪ | –– | મહાત્મા ગાંધી માર્કેટ (ચોરગલી) પેટ્રોલ પંપથી સ્ટેડીયમ રોડ સુધી. | વરસાદી ગટર | ૧૩૦૩૬૦૦.૦૦ |
| | | | કુલ.. | ૫૦૩૫૦૪૦૦.૦૦ |

(૨)

**SCSP સદર.**

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૧૧ | કાંતિભાઈ રામુભાઈ ભંડારીના ઘરથી ભંડારી ફળીયા થી કાંકરાશેરી હોટલ ખોડીયાર રોડને જોડતો રસ્તો. | ડામર રસ્તા | ૪૭૩૪૫૦૦.૦૦ |
| | | | કુલ.. | ૪૭૩૪૫૦૦.૦૦ |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૧૧ / તા.: ૧૮–૦૧–૨૦૨૦

–––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૪૬</u>

<u>વિષય:–</u> ના.સરકારશ્રીની વ્યવસાય વેરા (૨૦૧૮–૧૯) ના વર્ષની જનરલ કુલ રકમ રૂા.૫૦,૦૪,૩૮૩/– ના કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની વ્યવસાય વેરા (૨૦૧૮–૧૯), **GMFB** હુકમ નં.– મફબ / વ્ય.વેરા.(૫૦%) / ન.પા. / ૨૦૧૮–૧૯ / ૨૦૧૯ / ૪૪૩૬ / તા.: ૨૫–૦૩–૨૦૧૯ના વર્ષની ફાળવેલ ગ્રાંટ જનરલ સદર હેઠળ કુલ રકમ રૂા.૫૦,૦૪,૩૮૩/– અંકે રૂા.પચાસ લાખ,ચાર હજાર, ત્રણસો ત્યાંશી પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૧૦ | ધારાનગરની સોસાયટીની તમામ આંતરિક ગલીઓમાં. | ડામર રસ્તા | ૧૯૪૨૮૦૦.૦૦ |
| ૨ | ૧૦ | તડકેશ્વર સોસાયટી તથા તડકેશ્વર પ્લોટ. | ડામર રસ્તા | ૨૧૭૯૯૦૦.૦૦ |
| ૩ | ૧૦ | અબ્રામા, સોના પ્લોટ સોસાયટી નયનાબેન પરમારની ગલીથી કોમન પ્લોટ સુધીનો રોડ તેમજ સોનાનગર સોસાયટીની ૦૪ ( ચાર) આંતરિક બાકી રહેલ ગલી. | ડામર રસ્તા | ૧૧૬૩૬૦૦.૦૦ |
| ૪ | ૧૦ | પુનિત પ્લોટ સોસાયટીનો રોડ | ડામર રસ્તા | ૭૦૭૭૦૦.૦૦ |
| | | કુલ.. | | ૫૯,૯૪,૦૦૦.૦૦ |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૧૨ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૪૭</u>

<u>વિષય:–</u> **મનોરંજન કર (૨૦૧૮–૧૯) જનરલ સદર રૂા.૧૪,૯૮,૪૪૮/– અને SCSP સદર રૂા.૨,૨૭,૮૮૨/–મળી કુલ રૂા.૧૭,૨૬,૩૩૦/– ના કામો નકકી કરવા બાબત..**

<u>ઠરાવ.:</u>

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની મનોરંજન કર ગ્રાન્ટ (૨૦૧૮–૧૯), GMFB હુકમ નં.– મફબ / મનો.કર / ગ્રાન્ટ / ૨૦૧૮–૧૯ / વશી / ૫૧૧૭ / તા.: ૩૦–૦૩–૨૦૧૯ના ના વર્ષની ફાળવેલ ગ્રાંટ જનરલ સદર રૂા.૧૪,૯૮,૪૪૮/– અને SCSP સદર રૂા.૨,૨૭,૮૮૨/–મળી કુલ રૂા.૧૭,૨૬,૩૩૦/– અંકે રૂા.સત્તર લાખ, છવ્વીસ હજાર, ત્રણસો ત્રીસ પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૯ | દર્દીગ્યા ફળિયા વિસ્તારમાં આંતરિક ગલી. | પેવર બ્લોક | ૧૩૭૫૫૦૦.૦૦ |
| ૨ | ૯ | રીલે કેન્દ્ર, નરેન્દ્ર રાજપુતની ગલીમાં. | પેવર બ્લોક | ૨૧૦૫૦૦.૦૦ |
| ૩ | ૯ | રીલે કેન્દ્ર, અનુપભાઈના ઘરવાળી ગલીમાં | પેવર બ્લોક | ૨૮૭૦૦૦.૦૦ |
| | | | કુલ.. | ૧૮,૭૩,૦૦૦.૦૦ |

**વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૪૧૩ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૪૮</u>

<u>વિષય:–</u> **SJMMSVY-UDP-88, 2019-20 ના વર્ષની ફાળવેલ ગ્રાંટ પૈકી** જનરલ સદર રૂા.૨,૮૩,૫૯,૩૧૭/– અને **SCSP** સદર રૂા.૭૩,૧૦,૦૦૦/– **TASP** સદર રૂા.૮૨,૪૫,૦૦૦/–મળી કુલ રૂા.૪,૩૯,૧૪,૩૧૭ના કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88, 2019-20, GMFB** હુકમ નં.– મફબ / **SJMMSVY-UDP-88, 2019-20** / ન.પા. / આ.માં સુ./૫૦% / ૨૦૧૯ /૧૦૮૬૪ / તા.: ૧૯–૦૮–૨૦૧૯ના ના વર્ષની ફાળવેલ ગ્રાંટ જનરલ સદર રૂા.૨,૮૩,૫૯,૩૧૭/– અને **SCSP** સદર રૂા.૭૩,૧૦,૦૦૦/– **TASP** સદર રૂા.૮૨,૪૫,૦૦૦/–મળી કુલ રૂા.૪,૩૯,૧૪,૩૧૭ અંકે રૂા. ચાર કરોડ, ઓગણચાલીસ લાખ, ચૌદ હજાર, ત્રણસો સત્તર પુરામાંથી વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવ્યા પ્રમાણેના વિકાસલક્ષી કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧)

<u>જનરલ સદર.</u>

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | વલસાડ પારડી ટેકરા ફળિયા થી ચીમનકાકાના ઘર સુધી બોક્ષ ડ્રેઈન તેમજ રોડ ક્રોસીંગ. | વરસાદી ગટર | ૧૫૬૬૭૦૦.૦૦ |
| ૨ | ૩ | મુખ્ય રસ્તાથી અક્ષરધામ નદી તરફ જતો રસ્તો. | ડામર રોડ | ૧૮૨૧૪૦૦.૦૦ |
| ૩ | ૩ | મુખ્ય રસ્તા થી લક્ષ્મીનગરના નાકે જતો રસ્તો | ડામર રોડ | ૧૧૯૨૪૦૦.૦૦ |
| ૪ | ૩ | મોગરાવાડી થી અબ્રામા રામનગર થી સાંઈપાર્ક સુધી મુખ્ય રોડનું બાકી રહેલ કામ. | ડામર રોડ | ૧૦૪૬૨૦૦.૦૦ |
| ૫ | ૩ | ગ્રીનપાર્ક થી લક્ષ્મીનગર સુધી જતો રોડ. | ડામર રોડ | ૧૩૬૭૭૦૦.૦૦ |
| ૬ | ૩ | મોગરાવાડી ટાંકી નજીક ફાયર સ્ટેશન શેડનું કામ. | ફાયર સ્ટેશન શેડ | ૨૮૩૧૧૦૦.૦૦ |
| ૭ | ૫ | અશોક ફરસાણ થી જય અંબે જવેલર્સ થઈ મુખ્ય નાળા સુધી ( બોક્ષ ડ્રેઈન ) | વરસાદી ગટર | ૯૬૭૮૦૦.૦૦ |
| ૮ | ૫ | નરોત્તમ હરજીના પાછળના ભાગથી વાવડી થઈ કિરણભાઈના ઘર સુધી તથા આર્યસમાજ સ્કુલ સુધી ગંગલી ખાડી ) | વરસાદી ગટર | ૪૯૬૭૧૦૦.૦૦ |
| ૯ | ૫ | જયઅંબે હાઉસીંગ સોસાયટી, હર્ષદભાઈ ભંડારીની ગલી ( બોક્ષ ડ્રેઈન ). | વરસાદી ગટર | ૩૯૬૨૦૦.૦૦ |
| ૧૦ | ૬ | રામવાડી રામ એપાર્ટમેન્ટ–૧ થી ૩ થઈ મુખ્ય ગટર સુધી ( બોક્ષ ડ્રેઈન ). | વરસાદી ગટર | ૩૪૭૧૦૦.૦૦ |
| ૧૧ | ૬ | રામવાડી ભુનેશ્વર થી રામચોક તથા શ્વેતાંબર થી | વરસાદી ગટર | ૧૧૫૨૭૦૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | મુખ્ય ગટર સુધી. ( બોક્ષ ડ્રેઈન ). | | |
| ૧૨ | ૬ | વિજય છત્રીવાળાના ઘરથી ભીડી થઈ પુરબ પશ્ચિમ મુખ્ય ગટર સુધી ( બોક્ષ ડ્રેઈન ). | વરસાદી ગટર | ૫૯૬૮૦૦.૦૦ |
| ૧૩ | ૬ | કનુ ટોપીવાલાના સામે માલવીયા રોડ સુધી ( બોક્ષ ડ્રેઈન ). | વરસાદી ગટર | ૧૯૩૯૦૦.૦૦ |
| ૧૪ | ૬ | કસ્તુરબા હોસ્પિટલના ગેટથી સરકારી હોસ્પિટલના ગેટ સુધી તથા આંતરિક રોડ ઉપર બોક્ષ ડ્રેઈન. | વરસાદી ગટર | ૨૮૮૩૪૦૦.૦૦ |
| ૧૫ | ૯ | ધરમપુર મુખ્ય રોડ થી આર.પી.એફ.ગ્રાઉન્ડની બાજુમાં, નવો પહોળો રોડ ( ડી.પી.રોડ ) થઈ નાનકવાડા ગ્રામ પંચાયતની હદ સુધી. | વરસાદી ગટર તેમજ ફેટપાઠ અને ડીવાઈડર | ૨૯૨૬૩૦૦.૦૦ |
| ૧૬ | ૯ | ધરમપુર મુખ્ય રોડ થી આર.પી.એફ.ગ્રાઉન્ડની બાજુમાં, નવો પહોળો રોડ ( ડી.પી.રોડ ) થઈ નાનકવાડા ગ્રામ પંચાયતની હદ સુધી. | ડામરરોડ | ૩૯૩૪૭૦૦.૦૦ |
| ૧૭ | — | કૈલાશ રોડ થી કાશ્મીરનગર નાળા સુધી. | ડામરરોડ | ૨૮૩૮૦૦૦.૦૦ |
| | કુલ.. | | | ૩,૧૦,૨૯,૫૦૦.૦૦ |

(૨)

**<u>SCSP</u> સદર.**

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૭ | નાના તાઈવાડ મસ્જિદની પાછળ ( વકીલશ્રી મલેકનો રસ્તો ) | ટ્રીમીક્ષ રોડ | ૪૪૬૯૦૦.૦૦ |
| ૨ | ૭ | ગાયત્રી મંદિર સામે કુંકણાવાડની ગલી વિસ્તાર. | ટ્રીમીક્ષ રોડ | ૬૬૭૨૦૦.૦૦ |
| ૩ | ૭ | આંગણવાડી ( જંગલ ખાતાની ઓફીસ)પાન મહોલ્લો,કેરોસીન મહોલ્લો,અંબાજી મંદિરની ગલી વિસ્તારમાં | ટ્રીમીક્ષ રોડ | ૮૮૪૪૦૦.૦૦ |
| ૪ | ૭ | મસ્જિદ મહોલ્લો, વિક્રમ ઝાડુવાલાના ઘરથી કે કે બેકરી સુધી, તથા ખાનદેશી મહોલ્લો. | ટ્રીમીક્ષ રોડ | ૧૬૪૯૨૦૦.૦૦ |
| ૫ | ૭ | ભગત મહોલ્લા થી બરૂડીયાવાડ તથા મન્સુરી મહોલ્લા વિસ્તાર ( પશ્ચિમ પાળ ) | ટ્રીમીક્ષ રોડ | ૮૩૯૪૦૦.૦૦ |
| ૬ | ૭ | શ્રીરામ મહોલ્લો, કે.કે. રોડથી કુમાર ભંગારવાળા, ધોબીઘાટ વિસ્તાર. | ટ્રીમીક્ષ રોડ | ૮૮૪૭૦૦.૦૦ |
| ૭ | ૭ | ધોબી તળાવ મેઈનરોડની પૂર્વ સાઈડની વિવિધ ગલીઓમાં | ટ્રીમીક્ષ રોડ | ૩૩૫૧૦૦.૦૦ |
| ૮ | ૭ | જોગણીમાતા મંદિરની સાઈડની વરસાદી ગટર ( બોક્ષ ડ્રેઈન) | વરસાદીગટર | ૭૧૫૮૦૦.૦૦ |
| ૯ | ૭ | મયુર વાઘરીના ઘરથી નગીન અને આદમ બાદશાહના ઘરની પાછળ. ( બોક્ષ ડ્રેઈન) | વરસાદીગટર | ૬૨૯૯૦૦.૦૦ |
| ૧૦ | ૭ | શ્રીરામ મહોલ્લાની આંતરિક ગલીમાં. | વરસાદીગટર | ૬૮૮૦૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| | કુલ.. | ૭૭,૪૦,૬૦૦.૦૦ |

(૩)

**TASP સદર.**

| અ. નં. | વોર્ડ નં. | કામની વિગત. | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ખડકીભાગડા,ઝહીરભાઈની દુકાન થી બાબુ કેળાંવાલાના ઘર સુધી તથા રામજી મંદિરના સામેની ગટર (બોક્ષ ડ્રેઈન ) બનાવવાનું કામ. | વરસાદી ગટર | ૨૪૮૬૭૦૦.૦૦ |
| ૨ | ૧ | રાખોડીયા તળાવની પાળ સરગવાના ઝાડથી રાજુભાઈ કંટોલ થી રોડ ક્રોસ કરી ઢેબરીમાતા મંદિર થઈ મુખ્ય ગટર સુધી ( (બોક્ષ ડ્રેઈન ) | વરસાદી ગટર | ૭૦૫૯૦૦.૦૦ |
| ૩ | ૧ | રાઈસ મીલ કોસંબા રોડ થી ખરાસ હોસ્પિટલ થઈ સિધ્ધશીલા સુધી ( બોક્ષ ડ્રેઈન) બનાવવાનું કામ. | વરસાદી ગટર | ૨૧૭૦૦૦૦.૦૦ |
| ૪ | ૧ | બહાદુરભાઈના ઘરની આસપાસના વિસ્તારમાં . | વરસાદી ગટર | ૬૦૪૯૦૦.૦૦ |
| ૫ | ૧ | જયોતિષભાઈના ઘરની બાજુવાળી ગલીથી જળદેવી માતાના મંદિર સુધી. | ટ્રીમીક્ષ રોડ | ૮૦૪૪૦૦.૦૦ |
| ૬ | ૨ | ઉર્મીબેનના ઘરથી મેઈન રસ્તા યાદવ નગર ક્રોસીંગ સુધી | ટ્રીમીક્ષ રોડ | ૭૦૩૯૦૦.૦૦ |
| ૭ | ૨ | યાદવનગર હરીશભાઈની ગલી તથા સુધાકરની ગલીમાં. | ટ્રીમીક્ષ રોડ | ૩૭૦૯૦૦.૦૦ |
| ૮ | ૧૧ | અબ્રામા વાવ ફળિયા વિસ્તારમાં નવી નગરી ગુજરાતી સ્કુલ થી પંકજભાઈના ઘર સુધી (બોક્ષ ડ્રેઈન )બનાવવાનું કામ. | વરસાદી ગટર | ૯૪૧૯૦૦.૦૦ |
| | | કુલ.. | | ૮૭,૮૮,૬૦૦.૦૦ |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૧૪ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૪૯</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૮૦૮૪૨૭૨૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ રૂા.૬૬૪૩૫૧૧૭૮/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૮૦૮૪૨૭૨૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ રૂા.૬૬૪૩૫૧૧૭૮/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૧૫ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૫૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૦–૨૦૨૧ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૭૭૮૪૪૦૦૦/– તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા. ૯૧૫૧૭૨૦૦૦/– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૦–૨૦૨૧ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૭૭૮૪૪૦૦૦/– તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા. ૯૧૫૧૭૨૦૦૦/– બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૧૬ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>કામ નં.–૫૧</u>

<u>વિષય:–</u> જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.–અજન. / સં.મ / વિ.આયો./ આયો./ દરખાસ્ત / ૨૦૧૯ / ૮૩૨–૮૪૨ /તા.૧૨–૧૨–૨૦૧૯ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન વર્ષ : ૨૦૨૦–૨૧ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવાનું જણાવેલ છે. જે અંગે જરૂરી નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.–અજન. / સં.મ / વિ.આયો./ આયો./ દરખાસ્ત / ૨૦૧૯ / ૮૩૨–૮૪૨ /તા.૧૨–૧૨–૨૦૧૯ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ : ૨૦૨૦–૨૧ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવાનું જણાવેલ છે. સદરહુ કામોમાં સરકારશ્રીના તા.: ૨૩ –૧૦–૨૦૧૩ ના અને તા.:૩૦–૦૯–૨૦૧૫ ના ઠરાવ મુજબ કુલ મળવાપાત્ર જોગવાઈના ૧૫% થી વધુ સી.સી.રસ્તા અને ૧૫% થી વધુ પેવરબ્લોકના કામોનું આયોજન કરવા જણાવેલ છે. નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા પ્રકારના કામો તાકીદે નક્કી કરી કામોનું આયોજન કરી જરૂરી ઠરાવ કરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં, નીચે મુજબના કામોનું આયોજન કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) અબ્રામા તેમજ મોગરાવાડી વિસ્તારમાં ડોર ટુ ડોર કચરાના કલેકશન માટે અશોક લેલન્ડ ટેમ્પા નંગ–૦૨ ( અંદાજિત રૂા.૧૩,૬૯,૬૩૦/–)

(૨) લક્ષ્મી માસીના ઘરથી નવજીવન હોસ્પિટલ થઈ સિધ્ધશીલા મેઈન ગટર સુધી આર.સી.સી. વરસાદી ગટર(બોક્ષ ડ્રેઈન ) બનાવવાનું કામ. રૂા.૧૩,૩૨,૦૦૦/–

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૧૭ / તા.:૧૮–૦૧–૨૦૨૦

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

કામ નં.–૫૨

વિષય:– નગરપાલિકાના જુના રેકર્ડસને ડીજીટલ સ્કેનીંગ કરવાના કામ માટેના આવેલ ટેન્ડરના ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના જુના ચોપડા / રેકર્ડને સ્કેન કરી ડિજિટલ મીડિયામાં ટ્રાન્સફર કરવાનું આયોજન હાથ ધરેલ છે. જે અંતર્ગત ટેન્ડર માટે માહીતી ખાતા મારફત જાહેરાત આપતા દૈનિક ન્યુઝ પેપર દિવ્ય ભાસ્કરમાં તા.: ૨૨/૧૨/૨૦૧૯ જાહેરાત પ્રસિધ્ધ કરી, જાહેરાત મુજબ ટેન્ડર વેચાણ તા.: ૨૭–૧૨–૨૦૧૯ ના રોજ કુલ–૫ ટેન્ડરોનું વેચાણ થયેલ છે. જયારે વેચાણ કરેલ ભરાયેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.: ૩૧ / ૧૨ / ૨૦૧૯ દરમ્યાન કુલ–૫ ,ટેન્ડરો સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ આવેલ છે. જેનું તુલનાત્મક નીચે મુજબ છે.

રેકર્ડનું ડીજીટલ સ્કેનીંગ કરવાના કામ માટે આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક

| અ.નં. | રજુ કરેલ ભાવો | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|---|
| | પેપરની સાઈઝ | લક્ષ્મી કન્સ્ટ્રકશન, બીલીમોરા. | એન.એમ.સોફ્ટવેર દહાણું. | ઓમ ડીજીટલ, અમલસાડ,નવસારી. | જીપસન સોલ્યુસન, સુરત. | રજની વિડીયો કિલ્લા પારડી, વલસાડ. |
| **1** | **8X12** | **7.00** | **5.00** | **0.65** | **1.85** | **0.70** |
| **2** | **20X20** | **30.00** | **25.00** | **16.60** | **16.62** | **37.00** |
| **3** | **20X30** | **35.00** | **30.00** | **24.60** | **24.62** | **37.00.** |
| **4** | **30X45** | **62.00** | **62.00** | **36.50** | **56.25** | **37.00** |
| **5** | ડીવીડી(સોની કંપની ) | **54.00** | **50.00** | **20.00** | **50.00** | **20.00** |

ઉપરોકત કામ અંગે આવેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રક જોતાં એકંદરેઓમ ડીજીટલ,અમલસાડ,નવસારીના ભાવો સૌથી ઓછા અને વ્યાજબી હોય, સદરહુ ઓછા આવેલ ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવોએ ઓમ ડીજીટલ, અમલસાડ,નવસારી પાસે સદરહુ ઉપરોકત કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૪૧૮ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

————————————————————————————————————————————

**<u>વ.કા. નં.–૧</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની અમૃત યોજના અંતર્ગત ૨૦૧૭–૨૦ ના વર્ષ દરમ્યાન સોના સરીતા આવાસના ગાર્ડનની જગાને બદલે ધારાનગરનો બીનખેતીનો બ્લોક / સર્વે નં.૧૫૩ / એ વાળી મિલકતમાં કોમન પ્લોટમાં ગાર્ડન બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.ઃ</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર સરકારશ્રી અમૃત યોજના 2017-20. SAAPYEAR સેકટર ગ્રીન સ્પેસ એન્ડ પાર્કમાં સોના સરિતા આવાસ પાસે ગાર્ડન બનાવવાનું કામ કા.સ.ઠ.નં. ૨૦૧ / તા.: ૦૬/૧૦/૨૦૧૮ના મંજુર કરવામાં આવેલ હતા. પરંતુ તે જગા પર પમ્પીંગ સ્ટેશન બનવાના કારણે સોના સરિતા આવાસની જગા ને બદલે અભ્રામાં ખાતે આવેલ ધારાનગરનો બીનખેતીનો બ્લોક / સર્વે નં.૧૫૩/એ, વાળી મિલકતમાં કોમન પ્લોટમાં ગાર્ડન બનાવવા અંગેની જરૂરી મંજુરી આપવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૪૧૯ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

——————————————————————————————————————————

**<u>વ.કા. નં.–૨</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અબ્રામાખાતે અંબાજી નગર રામઆશરેના ઘર પાસેથી મેઈન ગટર ( બોક્ષ ડ્રેઈન ) બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૫,૦૦,૦૦૦/–પુરાનો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અબ્રામા ખાતે અંબાજી નગર રામઆશરેના ઘર પાસેથી મેઈન ગટર ( બોક્ષ ડ્રેઈન ) બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૫,૦૦,૦૦૦/– અંકે રૂા. પાંચ લાખ પુરા આવેલ છે. સદરહું કામગીરી કરવી ખુબજ જરૂરી હોય સદરહુ કામગીરી કરવા માટે ના.સરકારશ્રીની ગુજ.મ્યુનિ. ફાઈ.બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.–મફબ / યુ – ૨ / ૧૪ મું નાણાપંચ / બીજો હપ્તો / ૨૦૧૯–૨૦ / ૧૮૪૧૨ / તા.: ૨૭–૧૧–૨૦૧૯ થી આવેલ ગ્રાન્ટમાં સમાવેશ કરી સદરહુ કામગીરી કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૪૨૦ / તા.:૧૮–૦૧–૨૦૨૦

–––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

વ.કા. નં.–૩

વિષયઃ– તીથલ રોડ ઉપર આવેલ રવિન્દ્રનગર તથા ગીતાંજલી પાસેથી પસાર થતાં રસ્તાનું નામકરણ " સ્વ.જગદીશભાઈ ડી.દેસાઈ " માર્ગ આપવા અંગેની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,અરજદારશ્રી ભાર્ગવ . જે. દેસાઈ, રહે.: રવિન્દ્રનગર સોસાયટી, તિથલ રોડ, વલસાડની તા.: ૧૮ / ૦૧ /૨૦૨૦ ની અરજીમાં જણાવ્યા મુજબ, એમનાં પિતાશ્રી વલસાડ નગરપાલિકાનાં આર્કિટેકટ / એન્જીનયર હતા અને નગરપાલિકાનાં જુદાજુદા શોપીંગ સેન્ટરની ડીઝાઈન / ડ્રોઈગ તૈયાર કરી બાંધકામ કરાવેલ હતા. તેઓશ્રી જુદી જુદી સંસ્થાઓમાં માનપૂર્વકના હોદા ધરાવતા હતા. સ્વ.જગદીશભાઈ પોતે વલસાડના સૌપ્રથમ સ્થપિત હતા. વલસાડનું મોટેભાગનું સ્થાપત્ય એમને આભારી છે. અનેક સંસ્થાઓ, સમાજીક ભવનો અને ધાર્મીક સ્થળોમાં તેઓ માનદ સેવા આપી ચુકયા છે. જેવાં કે જલારામબાપા મંદીર, ગાયત્રી મંદીર, સાંઈબાબા મંદીર, નાના તાઈવાડ મસ્જીદ, ધરમપુર રોડ ચર્ચ તેમજ શૈક્ષણિક સંસ્થા જેવી, બાઈ આવાંબાઈ હાઈસ્કુલ, જમનાબાઈ હાઈસ્કુલ, આર.એમ.વી.એમ.હાઈસ્કુલ,વલસાડ કોલેજ, ડી.એમ.ડી.જી.હાઈસ્કુલ વિગેરે તથા કુસુમ વિદ્યાલયમાં સ્થાપક ટ્રસ્ટી રહી ચુકયા છે. એમના આ વલસાડના વિકાસના કામોને લઈ, એમનાં પુત્રની રજુઆત ધ્યાને લઈ રવિન્દ્રનગર તથા ગીતાંજલી પાસેથી પસાર થતાં રસ્તાનું નામકરણ " સ્વ. જગદીશભાઈ ડી. દેસાઈ " માર્ગ આપવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૨૧/ તા.:૧૮–૦૧–૨૦૨૦

---

વ.કા. નં.–૪

વિષયઃ– હો.ક.ઠ.નં.–૨ તા.:૧૪–૦૬–૨૦૧૯ની ઠરાવ્યા મુજબ હોસ્પીટલમાં ફરજ બજાવતી બે કાયમી નર્સ સ્ટાફ વય મર્યાદાના કારણે આગામી બે–ત્રણ માસમાં ફરજમાંથી નિવૃત થતાં હોય,સર્જીકલ વિભાગમાં દાખલ થતાં દર્દીઓની સારવાર માટે નવા નર્સિંગ સ્ટાફની આઉટ સોર્સિંગથી ભરતી કરવા બાબત..

ઠરાવ.:

હો.ક.ઠ.નં.–૨ તા.:૧૪–૦૬–૨૦૧૯ની ઠરાવ્યા મુજબ હાલમાં હોસ્પીટલ ખાતે ૩ સ્ટાફ નર્સ કાયમી ધોરણે ફરજ બજાવે છે. અને ૧ સ્ટાફ નર્સ –૧૧ માસના કરાર પર છે. એટલે કુલ–૪ સ્ટાફ નર્સ ફરજ બજાવે છે. પરંતુ આગામી બે–ત્રણ માસમાં બે સ્ટાફ નર્સ વયમર્યાદાના કારણે નિવૃત થયેલ છે અને સ્ટાફ નર્સનો કરાર પુરો થયેલ છે. તેથી એકજ કાયમી સ્ટાફ નર્સ પર ભારણ વધી જશે. અને ચોમાસાની સીઝન શરૂ થવાની હોય દાખલ થતાં દર્દીઓની સંખ્યા વધતી રહેશે અને રોગચારો પણ થવાની સંભાવના વધુ રહે છે. અને હોસ્પીટલ ૩ શીફટમાં ચાલે છે, તેથી સ્ટાફની જરૂરીયાત રહે છે. તો સ્ટાફ નર્સની સંખ્યા ઓછી હોય આઉટ સોર્સિંગથી ૪ જગ્યા સ્ટાફ નર્સ લેવા માટે સ્થાનીક એજન્સીઓ પાસે ભાવો મંગાવીને નીમ્નદીઠ સ્ટાફ નર્સની જગ્યાઓ ભરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૪૨૨/ તા.:૧૮–૦૧–૨૦૨૦**

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

**વ.કા. નં.–૫**

**વિષયઃ– એડવોકેટશ્રીની ફીના બીલની રકમ ચુકવવા બાબત..**

**ઠરાવ.:**

**એડવોકેટશ્રી યોગી ગઢીયા, અમદાવાદનું ગુજરાત મઝદુર સભા, અમદાવાદ વિરુધ્ધ ચીફ ઓફિસર વલસાડ નગરપાલિકાના અને અન્ય કેસ ડાયરી નં.44705 / 2019 સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા,દિલ્હીમાં દાખલ કરેલ. સદરહુ કેસ ડાયરી નં. 44705 / 2019 CA ફોર સ્ટે એન્ડ રીવ્યુ ઈન એલ.પી.એ. અંગે નગરપાલિકા તરફેની કાર્યવાહી એડવોકેટશ્રી યોગી કે. ગઢીયાને સોંપવામાં આવેલ છે. સદરહું કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેની વકીલ ફીના રૂા.૧,૦૯,૯૦૦/– અંકે રૂા. એક લાખ, નવ હજાર નવસો પુરાનું ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.– ૪૨૩ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

**––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**<u>વ.કા. નં.–૬</u>**

**<u>વિષયઃ–</u> વકીલાત બીલ ચુકવવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**એડવોકેટશ્રી મિતુલ શેલત, અમદાવાદનું વલસાડ નગરપાલિકા – વલસાડ સામે ગુજરાત મઝદુર સભા – અમદાવાદ ધ્વારા હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ હતી. આ સામે નગરપાલિકા તરફે બે વકીલ રોકવામાં આવેલ છે. નામદાર હાઈકોર્ટના છેલ્લા થયેલ આદેશને નામદાર સુપ્રીમ કોર્ટમાં પડકારવાના કામે ન્યુ દિલ્હી ખાતે નગરપાલિકાના એડવોકેટ શ્રી મનિન્દર સિંધને સદરહું કેસથી નામદાર હાઈકોર્ટના વકીલ શ્રી મિતુલ શેલતને દિલ્હી ખાતે તા.:૦૬–૦૧–૨૦૨૦ તથા તા.: ૦૭–૦૧–૨૦૨૦ના દિને ગયેલ તે દરમ્યાન સદરહું કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેની વકીલ ફીના નીચે મુજબ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) P-2020-01-0010 રૂા. ૧,૧૦,૦૦૦/–**

**(૨) જે.આર. ટ્રાવેલ સર્વિસ રૂા. ૫,૬૯૦/–**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૪૨૪/ તા.:૧૮–૦૧–૨૦૨૦

————————————————————————————————————————

<u>વ.કા. નં.–૭</u>

<u>વિષયઃ–</u> વકીલાત બીલ ચુકવવા બાબત..

<u>ઠરાવ.:</u>

એડવોકેટશ્રી દિપક સંચેલા,અમદાવાદનું ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન અંતર્ગત અમૃત યોજના હેઠળના વોટર સપ્લાય સેકટરના પ્રોજેકટ આઈ.ડી.: **GUJ-VAL-007** ના મારૂતિ એન્ટરપ્રાઈઝ ઘ્વારા ટેન્ડર ડીસ્કવોલિફાઈડ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદમાં કરેલ સ્પે.સી.એપ્લી. ૧૪૫૨૭ માટે બીજા પક્ષકાર તરીકે વલસાડ નગરપાલિકા ઘ્વારા નિમણુંક કરેલ એડવોકેટશ્રી દીપક સંચેલાએ સદરહું કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેની વકીલ ફીના રૂા.૨૫,૫૦૦/– ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૨૫ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>વ.કા. નં.–૮</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ ઈજનેરશ્રી સચિન્દ્ર કાપડીયા ધ્વારા ટેલીફોન નં.૦૨૬૩૨–૨૨૨૦૧૧ ના તા.:૧૬–૦૬–૨૦૧૧ થી તા.:૩૧–૧૨–૨૦૧૬ સુધીનાં ભરેલા ટેલીફોન બીલના ખર્ચની રકમ રૂા.૪૮,૮૦૧/–પરત આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ</u>

વલસાડ નગરપાલિકા, આવક નંબર.ઃ ૬૮૬૧ અને ૬૮૬૨ તા.ઃ ૨૫ / ૦૧ / ૨૦૧૭ થી વારીગૃહ ઈજનેરશ્રી સચિન્દ્ર કાપડીયા, તેઓ ધ્વારા ભરેલા ટેલીફોન બિલનાં નાણા પરત આપવા અંગે અરજી કરવામાં આવેલ હતી. તેઓશ્રીની રજુઆત મુજબ વલસાડ નગરપાલિકાનાં મંજુર થયેલા આદર્શ જોગવાઈ મુજબ વોટર વર્કસ ઈજનેરને ઘરે ટેલીફોન બિલ મળવાપાત્ર છે. તા.ઃ ૧૬–૦૬–૨૦૧૧ થી તા.ઃ ૩૧ –૧૨–૨૦૧૬ સુધીનાં ટેલીફોન નં.૦૨૬૩૨–૨૨૨૦૧૧ ના ભરેલા ટેલીફોન બીલના ખર્ચની રકમ રૂા.૪૮,૮૦૧/–પરત આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૨૬ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

<u>વ.કા. નં.–૯</u>

<u>વિષય:–</u> નવા વ્યકિતગત શૌચાલય, નવા પબ્લિક ટોઈલેટ / કોમ્યુનિટિ શેર્ડ ટોઈલેટ / મોબાઈલ ટોઈલેટવાનની દરખાસ્ત કરવા બાબત...

<u>ઠરાવ.:</u>

વલસાડ શહેરના તમામ વસતા શૌચાલયો વિહોણા તમામ શહેરી કુટુંબોને તેમના રહેઠાણના સ્થળે વ્યકિતગત શૌચાલયોમાં રૂપાંતર કરવા માટે રૂા.૧૨,૦૦૦/– ની સહાયપાત્ર ગણીને રૂા.૮૦૦૦/–ની રાજય સરકારશ્રીની તથા રૂા.૪,૦૦૦/– ભારત સરકારશ્રીની રકમ શૌચાલય દીઠ મળવાપાત્ર થાય છે. વલસાડ શહેરમાં આ અગાઉ સરકારશ્રીની યોજનામાંથી કામગીરી કરાવવામાં આવેલ છે. પરંતુ તે સિવાય બાકી રહી ગયેલ કુંટુંબોને આ યોજનામાં સમાવિષ્ટ કરી દરખાસ્ત કરવાપાત્ર થાય છે.

વધુમાં શહેરી વિસ્તારોમાં જવા નાગરીકની અવર–જવર વધુ પ્રમાણમાં હોય તેવા તેમજ અન્ય તમામ જાહેર સ્થળોએ પે એન્ડ યુઝ ટોઈલેટ /પબ્લિક ટોઈલેટના બાંધકામ માટે ૧ ( એક ) સીટ / બેઠક દીઠ વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/– અથવા ખરેખર ખર્ચ તે બે રકમમાંથી જે ઓછું હોય તેની સહાય ચુકવવામાં આવે છે તથા આ પત્રની જોગવાઈ મુજબ કુટુંબોને જગ્યાના અભાવ કે અન્ય કારણોસર શૌચાલયનું બાંધકામ શકય ન હોય તેવા કુંટુંબોને કોમ્યુનીટી શેર્ડ ટોઈલેટ અથવા મોબાઈલ ટોઈલેટવાનની સેવા આપવાની થાય છે. તે માટે બેઠક દીઠ રૂા.૪૪,૦૦૦/– અથવા ખરેખર ખર્ચ તે બે માંથી જે ઓછું હોય તે રકમ નાણાંકીય સહાય મળવાપાત્ર થાય છે. જે હકીકત ઘ્યાને લઈ સદરહું યોજનાના અમલ કરવા માટે નગરપાલિકા કક્ષાએ પ્રાદેશિક કમિશનરશ્રીના અભિપ્રાય સાથે તા.: ૨૯–૦૨–૨૦૨૦ સુધીમાં દરખાસ્ત તૈયાર કરી મોકલવા અંગે ખાતાકીય કાર્યવાહી કરી યોજના તૈયાર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૨૭ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————————————

<u>વ.કા. નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> સ્કુલ બિલ્ડીંગ બાંધકામ અંગેનો ખર્ચ ૧૪ માં નાણાંપંચ હેઠળ લેવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા સંચાલીત ડી.એમ.ડી.જી. મ્યુનિસિપલ હાઈસ્કુલ જર્જરીત થઈ ગયેલ હોય, નવી બનાવવાનું નકકી કરવામાં આવેલ હતું. આ કામે ગ્રાઉન્ડ + બે ફલોરમાં કુલ ૧૪ વર્ગખંડ, લેબોરેટરી વિગેરેનો એસ્ટીમેઈટ લઈ કુલ રૂા.૪,૬૮,૧૪,૮૫૧.૦૦ પુરાનું એસ્ટીમેઈટ કરવામાં આવેલ છે. આ કામે ઈ–ટેન્ડરીંગ કરી ટેન્ડર બહાર પાડતાં કુલ–૬ ટેન્ડરો આવેલ હતા. આ ટેન્ડરો ખુલ્લા કરતાં ૨૩.૦૪%ના નીચા ભાવો આવેલ અને આ કામ સી.આર.પી.ઈન્ફ્રા પ્રા.લી.–સુરતનું મંજુર કરતાં રૂા.૩,૬૦,૨૮,૭૧૦.૦૧ પુરાનું ટેન્ડર કારોબારી સમિતિ ઠરાવ નં.–૩૭૯ / તા.: ૧૧–૧૨–૨૦૧૫ થી મંજુર કરવામાં આવેલ હતું. આ કામે ઠેકેદારશ્રી સી.આર.પી.ઈન્ફ્રા પ્રા.લી.ને જાવક નં. –૮૫૭ / તા.: ૦૮–૧૨–૨૦૧૫ થી વર્કઓર્ડર આપવામાં આવેલ હતા. વધુમાં આ કામે જનરલ બોર્ડ ઠરાવ નં.–૫૫૯ / તા.:૨૪–૦૭–૨૦૧૮ તથા કારોબારી સમિતિ ઠરાવ નં.–૧૪૮ / તા.:૦૬–૦૭–૨૦૧૮ થી મંજુર થયા મુજબ સ્કુલ બિલ્ડીંગની કામગીરીમાં જથ્થા વભારાનો ખર્ચ રૂા. ૭૩,૫૮,૮૪૩.૦૦ અને તમામ કરની રકમ રૂા.૯૯,૮૦,૬૮૧.૭૬ લઈ કુલ રૂા.૫,૩૩,૬૮,૨૩૪.૭૭ પુરાનો થવા જાય છે. જેને ઉપરોકત ઠરાવ અન્વયે મંજુરત આપવામાં આવેલ છે. આ કામે કુલ મંજુર થયેલ ખર્ચ મુજબ રૂા. ૫,૩૩,૬૮,૨૩૪.૭૭ નો ખર્ચ થવા સંભવ છે. નગરપાલિકા વલસાડની આર્થિક સ્થિતિને ધ્યાને લઈ નામદાર ગુજરાત / ભારત સરકારશ્રીના ૧૪ માં નાણાં પંચની જોગવાઈઓ મુજબ તથા નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : ૧૩ (૩૨) એફએફસી / એફસીડી / ૨૦૧૫૧૬–તા.:૦૮–૧૦–૨૦૧૫ અને શહેરી વિભાગ શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્રમાંક : સીએફસી / ૧૦ /૨૦૧૫ / ૮૧૩ / બ તા.:૨૯–૦૨–૨૦૧૬ ની જોગવાઈ / શરત નં.–૯ મુજબ આ ગ્રાંટમાંથી કમ્યુનીટી અસેટની જાળવણીના ભાગરૂપે નવા કામો કરી શકાય છે. આ કામે કુલ મંજુર થયેલ ખર્ચ મુજબ રૂા. ૫,૩૩,૬૮,૨૩૪.૭૭ અને આ કામે **CSR** હેઠળ મળેલ રૂા.૧.૦૦ કરોડની રકમ બાદ કરી સદરહું કામ નવું કેપીટલ વર્ક હોઈ બાકી થયેલ ખર્ચની રકમ રૂા.૪,૩૩,૬૮,૨૩૪.૭૭, ૧૪માં નાણાંપંચની ગ્રાંટ હેઠળ કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૪૨૮ / તા.:૧૮–૦૧–૨૦૨૦

---

**<u>વ.કા. નં.–૧૧</u>**

**<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૪ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ માં ધડુચી મહોલ્લામાં આવેલ જાહેર જાંજરાની પાછળ વરસાદી કાંસનું ડ્રેજીંગ કરી વપરાશી પાણીના નિકાલનો મુખ્ય રબર સ્ટોનથી પેચ કરવાના કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૪ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ માં ધડુચી મહોલ્લામાં આવેલ જાહેર જાંજરાની પાછળ વરસાદી વપરાશી પાણીના જૂના કાંસનું ડ્રેજીંગ કરી રબર સ્ટોન મેશનરીની પાકી ગટર બનાવવા જરૂરીયાત મુજબ પ.વ.ડી.શાખા મારફતે એસ્ટીમેઈટ તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૪૨૯ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————

<u>વ.કા. નં.–૧૨</u>

<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૬ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ બાઈ આવાબાઈ હાઈસ્કુલ પાસે આવેલ નવચેતન હોટલ પાસે બંધ બોક્ષ ગટર બનાવવાના કામ બાબત..

<u>ઠરાવ.:</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૬ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ બાઈ આવાબાઈ હાઈસ્કુલ પાસે આવેલ નવચેતન હોટલ પાસેના વિસ્તારમાં વપરાશી / વરસાદી પાણીના યોગ્ય નિકાલ અન્વયે બંધ બોક્ષ ગટર બનાવવાના કામનું જરૂરી એસ્ટીમેઈટ પ.વ.ડી.શાખા મારફતે તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૪૩૦ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

---

**<u>વ.કા. નં.–૧૩</u>**

**<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૮ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ નાના પારસીવાડ થી શહિદ ચોક સર્કલ સુધીના રસ્તાને લાગુ વોક–વે બનાવવાના કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૮ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ નાના પારસીવાડ થી શહિદ ચોક સર્કલ સુધીના રસ્તાને શહેરીજનો, સ્કુલના બાળકોની સલામતી સંદર્ભે ચાલવા માટે વોક–વે બનાવવાની જરૂરીયાત હોય, જે સંદર્ભે સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેઈટ પ.વ.ડી.શાખા મારફતે તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૪૩૧ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————————————————

<u>વ.કા. નં.–૧૪</u>

<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૯ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ ,દોંડીયા ટેકરા, જળદેવી માતા મંદિરની આગળની ગલીમાં આર.સી.સી. ગટર બનાવવાના કામ બાબત..

<u>ઠરાવ.:</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૯ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ ,દોંડીયા ટેકરા, જળદેવી માતા મંદિરની આગળની ગલી, ર્ડા. દિવ્યાબેનના ઘર પાસેની ગટરને વરસાદી / વપરાશી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપવાળી ગટર બનાવવાની જરૂરીયાત હોય, જે સંદર્ભે સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેઈટ પ.વ.ડી.શાખા મારફતે તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૪૩૨ / તા.:૧૮–૦૧–૨૦૨૦
––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

**વ.કા. નં.–૧૫**

**વિષયઃ–** **બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૦/ તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ ,દોંડીયા ટેકરા, જળદેવી માતા મંદિરની આગળની ગલીમાં પેવરબ્લોક નાખવાના કામ બાબત..**

**ઠરાવ.:**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૦ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧ ,દોંડીયા ટેકરા, જળદેવી માતા મંદિરની આગળની ગલી, ર્ડા. દિવ્યાબેનના પટેલના ઘર આગળની ખુલ્લી જગ્યા / રસ્તામાં પેવર બ્લોક નાંખવાની જરૂરીયાત હોય, જે સંદર્ભે સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેઈટ પ.વ.ડી. શાખા મારફત તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.– ૪૩૩ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

**———————————————————————————————————————————**

**<u>વ.કા. નં.–૧૬</u>**

**<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૫/ તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧૧, વિસ્તારોમાં વપરાશી / વરસાદી ગટર બનાવવાના કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૫ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧૧ , વિસ્તારમાં નીચે મુજબના સ્થળોએ વરસાદી / વપરાશી પાણીના નિકાલ માટે RCC ગટર બનાવવા અંગે જરૂરી એસ્ટીમેઈટ પ.વ.ડી. શાખા મારફત તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) પંચવટી તુલસીવન મુખ્ય રસ્તાથી કૈલાસ પ્રજાપતિની ગલી, અબ્રામા.**

**(૨) ગૌરવ લાઠીયાની ગલી, અબ્રામા.**

**(૩) સુદાસીનીબેનવાળી ગલી પંચવટી, અબ્રામા.**

**(૪) વાલીયા ફળિયા, અબ્રામા.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.– ૪૩૪ / તા.:૧૮–૦૧–૨૦૨૦**

---

**<u>વ.કા. નં.–૧૭</u>**

**<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૬/ તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા ગેરેજના પતરાના શેડ તોડી આરસીસી બિલ્ડીંગ બનાવવાના કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૬/ તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાની સ્ટેડીયમ રોડ ખાતે આવેલ ગેરેજ વર્ષો જુના પતરાના શેડવાળી છે. સદરહું ગેરેજના પતરાના શેડ તોડી પાડી નવું ગેરેજના પતરાના શેડ તોડીપાડી નવું RCC બિલ્ડીંગ ( ગેરેજ ) બનાવવા અંગે જરૂરી પ્લાન / એસ્ટીમેઈટ પ.વ.ડી. શાખા મારફત તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૪૩૫ / તા.:૧૮–૦૧–૨૦૨૦
————————————————————————————————————

વ.કા. નં.–૧૮

વિષયઃ– બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૭ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧૧,તારાબેન મુકેશભાઈ પટેલવાળો રસ્તો ટ્રીમીક્ષ રસ્તો બનાવવાના કામ બાબત..

ઠરાવ.:

બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૭ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧૧,તારાબેન મુકેશભાઈ પટેલ, અબ્રામાના ઘરવાળો રસ્તો ટ્રીમીક્ષ રસ્તો બનાવવા અંગેનું એસ્ટીમેઈટ તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૪૩૬ / તા.:૧૮–૦૧–૨૦૨૦

————————————————————————————————————————————

<u>વ.કા. નં.–૧૯</u>

<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૯ / તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧, દાજીભાઈ પ્રજાપતિ ઘરથી સકારામ મંદિર સુધી વરસાદી આરસીસી પાઈપલાઈનવાળી ગટર બનાવવાના કામ બાબત..

<u>ઠરાવ.:</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૪૯ / તા.: ૨૭–૧૨–૨૦૧૯/ તા.: ૨૭–૧૨–૨૦૧૯ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧, દાજીભાઈ પ્રજાપતિના ઘરથી સકારામ મંદિર સુધી **RCC** પાઈપલાઈનવાળી ગટર બનાવવા અંગે એસ્ટીમેઈટ તૈયાર કરાવી, આગામી આવનાર ના.સરકારશ્રીની ગ્રાંટમાં સમાવેશ કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની ઘટતી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૩૭ / તા.:૧૮–૦૧–૨૦૨૦

———————————————————————————————————————————

વ.કા. નં.–૨૦

વિષયઃ– ઈ–નગર હેઠળ આવક–જાવક રજીસ્ટર આવરી લેવા બાબતે સ્કેનર તેમજ કલર પ્રીન્ટરની ખરીદી કરવા બાબત..

ઠરાવ.:

સરકારશ્રીની ઈ–નગર યોજના હેઠળ તમામ શાખાઓને આવરી લેવાની થાય છે. જે અંતર્ગત વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાં આવક–જાવક રજીસ્ટ્રેશન કામગીરી માટે કોમ્પ્યુટરમાં સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. સદર ટપાલો સ્કેન કરવા માટે **JPG** સ્કેનરની જરૂરીયાત હોય, તેમજ વહીવટી શાખામાંથી થતાં પત્ર વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા લેટરોની કલર પ્રિન્ટ કાઢવા માટે કલર પ્રિન્ટરની જરૂરીયાત ઉભી થયેલ છે. જે હકીકતોથી વિદિત થતાં સદરહુ **JPG** સ્કેનર તેમજ **EPSON** કલર પ્રિન્ટરની ખરીદી સરકાર માન્ય **GEM PORTAL** પરથી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..